

# અધ્યાત્મ

વર્ષ–૨ માર્ચ–૧૯૮૧ અંક–૬

Statement about the ownership and other particulars about magazine **' ADHYATMA '** monthly to be published in the issue every year after the last day of February.


**From-IV ( See Rule-8 )**

| | |
|---|---|
| 1. Place of Publication : | **'ADHYATMA'** plot No. 1688B, Sardar nagar, Bhavnagar-1 |
| 2. Periodicity of its publication | Monthly |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address: | Same as above |
| 5. Editor's name, Nationality and address : | Same as above |
| 6. Name and addresses of individual who own the magazine and partners, share holders holding more than one percent of the total capital. | The magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Maninagar. Ahmedabad–8 |

9. Shri Narayan H. Jani hereby declare that the Particular given above are true to the best of my Knowledge and belief.

Dated. 10 th, March 1981

Narayan H. Jani
Publisher.



પૂ. શ્રી યોગેશ્વરજી તથા પૂ. શ્રી સર્વેશ્વરીજી

## મોહન ગિરિધારી

શ્રી. સર્વેશ્વરી

આજ અહીં આવ્યો રે મોહન ગિરિધારી.
કંઈક વરસોથી રાહ હું જોતી,
પળપળની મારી પ્રાર્થના પહોંચી,
હાં રે એ તો આવ્યો ગોકુળને છોડી.—અહીં

જીવન વાટને સીધી બનાવી,
રોમેરોમમાં ભરી આનંદ હેલી,
હાં રે જીવનવાડીને ધન્ય બનાવી—અહીં

રોજ રોજ જપની માળા સ્વીકારી,
બંધાઈ જાશે એ તો પ્રીતની દોરી,
હાં રે હવે ક્યાંયે ના જાશે દોડી.—અહીં

નિત નવા રૂપે દર્શન દેશે,
રસભર્યા એ તો રાસ રમાડશે,
હાંરે...દિવ્ય સાંનિધ્ય દેશે સાથે.
હાંરે...દિવ્ય રૂપે રહેશે મારી પાસે.—અહીં


With Best Compliment From:-

દરેક મનુષ્યની અંદર અનાહત નાદની વીણાનું સંગીત ચાલતું હોય છે, પણ ધ્યાનની સાધનાનો આશ્રય લીધા વિના તે કદી સાંભળી શકાયું નથી. એટલે જીવનમાં ધ્યાનની સાધના ખૂબ મહત્વની બની રહે છે.

—યોગેશ્વર

VEENA
ENTERPRISE

Proprietor : Shri Ramesh B. Mehta

(Government Approved Contractor)
(Specialist In : Painting Works
I. E. White Washing & Oil Painting)

"Bapu Smruti" At & Post : Maroli
(Via) : Maroli Bazar, Dist. : Valsad.

## લવાજમ મોકલાવો

જે ગ્રાહકોનાં લવાજમ પૂરાં થઈ ગયાં છે, તેઓને પોતાનું લવાજમ તાત્કાલિક તંત્રીને મનીઓર્ડરથી મોકલાવવા વિનંતી છે વાર્ષિક લવાજમ રૂા. ૧૫ છે.

નારાયણભાઈ હ. જાની તંત્રી

પ્લોટ નં ૧૬૮૮બી, સરદારનગર, **ભાવનગર-૧**

## જૂના અંકો

'અધ્યાત્મ' જો આપને ખરેખર ગમ્યું હોય ને આપને એના આગલા વર્ષના આઠેક જેટલા અંકો જોઈતા હોય તો તે મર્યાદિત સંખ્યામાં ઉપલબ્ધ છે. જે વહેલો તે પહેલો એ ધોરણે રૂા. ૧૦ M.O. થી મોકલાવનારને મોકલી આપવામાં આવશે.

## દીપસે દીપ જલે

અત્યારે અધ્યાત્મના ૧૮૦૦ જેટલા ગ્રાહકો નોંધાયા છે. અમારી એ વિનંતી છે કે જો આપને તે ખરેખર વાંચન યોગ્ય લાગ્યું હોય તો દરેક ગ્રાહક પોતાના મિત્રવર્ગ તેમ જ પરિચિતોમાંથી ઓછામાં ઓછો એક નવો ગ્રાહક નોંધવામાં મદદ કરે સારા વાંચનના ફેલાવામાં સહાયરૂપ થવું-એ પણ એક પ્રકારનું સત્કર્મ જ છે.



# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૨ અંક : ૬ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૦૦-૦૦ (વિમાનથી)

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# ❋ અનુક્રમણિકા ❋


| | | |
|---|---|---|
| એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ | ૫ | શ્રી યોગેશ્વરજી |
| આત્મસ્વરૂપ પ્રિય વાચકો | ૭ | |
| રામનામનો મહિમા | ૧૦ | સંત શ્રી આશારામજી |
| પ્રકાશના પંથે | ૧૩ | યોગેશ્વરજી |
| શ્રી ગિરીશચંદ્ર ઘોષ | ૧૮ | નારાયણ હ. જાની |
| તપ | ૨૪ | પ્રદીપ ઉપાધ્યાય-પરખ |
| જીવન પ્રત્યે દૃષ્ટિ | ૨૭ | જે. વી. શાહ |
| ખ્વાજા દાન | ૩૧ | પ્રપન્નલાલ કાજી |
| જનાર્દન સ્વામીનો અનુગ્રહ | ૩૪ | શ્રી યોગેશ્વર |
| પદ્માસન | ૩૮ | શ્રી મણિભાઈ શાહ |
| પૂજું તમને આજ પ્રભાતે | ૪૧ | યોગેશ્વર |
| ચરણોની અનુરાગી | ૪૨ | પ્રભાવતીબહેન પજવાણી |
| દર્શન દે | ૪૩ | ડૉ. રણજીત પટેલ |
| પ્રશ્નોત્તરી | ૪૪ | શ્રી યોગેશ્વર |
| "તન બેઠું પણ મન નવ બેઠું" | ૪૯ | સત્સંગી |
| ગુરુનું સ્વરૂપ | ૫૨ | અશોક યાજ્ઞિક |
| **द्वादशपञ्जरिकास्तोत्रम्** | ૫૪ | ઈશ્વરભાઈ પટેલ |
| ઉપદેશસારમ્ | ૫૭ | શ્રી રમણ મહર્ષિ |
| પૂજ્યશ્રીની દિવ્ય દૃષ્ટિ | ૬૧ | વિનુભાઈ છ. અમીન |



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો**

વર્ષ : ૨ માર્ચ-૧૯૮૧ અંક : ૬


## એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ

**શ્રી યોગેશ્વર**

આપણે કોઈને કહીએ કે પાણી લાવો તો તે પાણી લાવે, પરંતુ બીજી જ પળે જણાવીએ કે પાણી નહિ, જળ લાવો; તો શું એ કોઈ બીજી વસ્તુ લાવે ? જળને બદલે નીર કહીએ, વારિ કે સલિલ નામ આપીએ તો પણ પદાર્થ તો એ જ લાવવામાં આવે. ભાષાશાસ્ત્રીઓ એને જ વૉટર, પાની વગેરે નામોથી ઓળખાવે છે. માનવે પોતાની સુવિધા અને જીવનચર્યા માટે ભાષાના શબ્દકોશનું સર્જન કર્યું છે. પાણીને માટેના ભિન્નભિન્ન ભાષાઓના શબ્દો કે પર્યાયો જુદા, પરંતુ એ શબ્દો દ્વારા સૂચવાતો વ્યંજનાત્મક પદાર્થ એક જ હોય છે. એવું જ ઈશ્વરના સંબંધમાં સમજી લેવાનું છે. ઈશ એટલે શાસન કરવું, અને ઈશ્વર એટલે સંસારનું શાસન કરનાર. એ શાસન કરનારી કોઈ વ્યક્તિ નથી પરંતુ પરાત્પર પરમ સર્વશક્તિમાન શક્તિ છે. એને કોઈ ગૉડ કહે છે, કોઈ અહુરમજદ અથવા અલ્લા કે ખુદા તરીકે ઓળખાવે છે. કોઈ ઈશ્વરને પરબ્રહ્મ કે પરમાત્માનું અભિધાન આપે છે, તો કોઈ વળી બીજા નામથી પોકારે છે. નામો જુદાંજુદાં પરંતુ નામી એક જ છે. વેદે એને માટે સત્ શબ્દનો પ્રયોગ કર્યો છે. સત્ એટલે કે જે પૂર્વે હતા, આજે છે, અને ભવિષ્યમાં પણ રહેશે તે. અજર, અમર, શાશ્વત સત્તા. જેને જન્મમરણ, વ્યાધિ-વાર્ધક્ય-વિકાર કશું

જ નથી તે. વૈદિક ઋષિઓ કહે છે કે એ પરમસત્યસ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. સત્યં પરં ધીમહિ. સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ. પરમાત્મા સત્યસ્વરૂપ પરમજ્ઞાનરૂપ, અનંત છે. સદેવ સૌમ્ય ઈદમગ્રમાસીત્ હિ સૌમ્ય ! સૌથી પહેલાં, સૃષ્ટિની શરૂઆતમાં, આ સત્ય જ હતું એટલે કે સત્યસ્વરૂપ પરમાત્મા જ હતા.

ઉપનિષદે એવી રીતે પરમાત્માને કેવો સરસ વિચાર રજૂ કર્યો છે ? સત્ય એક જ છે, પરમાત્મા એક જ છે, પરંતુ વિદ્વાનો ઋષિ કે પંડિતો એમની અનેકવિધ અભિવ્યક્તિ કરે છે; એમને જુદાંજુદાં નામે વર્ણવે છેઃ એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ. આપણે આટલું સમજી લઈએ તો ? ધર્મ અને સંપ્રદાયોમાં ઈશ્વરને નામે જે વાદવિવાદો અને ઝઘડાઓ ચાલે છે એનો અંત આવી જાય, અને સૃષ્ટિમાં શાંતિ સ્થપાય. આપણે સમજી લઈએ કે આપણને આપણી માન્યતાના પરમાત્મા પ્રિય છે, તેવી રીતે બીજાને પણ પ્રિય છે. આપણી પેઠે બીજાને પણ એમને માટેની માન્યતાને સેવવાનો માનવીય અધિકાર છે. જુદાંજુદાં નામો તથા રૂપોને જ સર્વકાંઈ સમજીને દુરાગ્રહને વળગીને બેસી રહેવાને બદલે એમની પાછળના, અંદરના અને બહારના તત્ત્વને જ મહત્વનું માનીએ અને ધ્યાનમાં રાખીએ તો ઈશ્વરને નામે સર્વ પ્રકારના પૂર્વગ્રહોમાંથી મુક્તિ મેળવીને કોઈની સાથે નિરર્થક અનાવશ્યક ઘર્ષણમાં ના ઊતરી પડીએ. સરવાળે આપણને અને બીજાને લાભ જ પહોંચે.

વેદાદિ ધર્મગ્રંથો જણાવે છે કે એ પરમસત્ય કે પરમાત્મતત્ત્વ સમસ્ત સૃષ્ટિમાં અને સૃષ્ટિના સ્વરૂપમાં પ્રસરેલું ને પથરાયેલું છે. વિદ્વાનો એને જુદાંજુદાં નામે ઓળખે છે અને ઓળખાવે છે. તોપણ, પ્રજ્ઞાનો પરિપાક થતાં આજુબાજુ, અંદરબહાર બધે જ એ પરમાત્મતત્ત્વનો સ્વાનુભવ સહજ બને છે અને પરિણામે જીવન સંવાદી, શાંત, સુખદ તેમ જ સુધામય બની રહે છે.



# આત્મસ્વરૂપ પ્રિય વાચકો.

'આધ્યાત્મની' કડી વડે આપણે સહુ પરસ્પર સંકળાયેલા છીએ. ભારત અને દુનિયામાં આજે સંક્રાન્તિ કાળ ચાલી રહ્યો છે. એના અનેક પ્રશ્નો ને પરેશાનીઓથી આજે પ્રજા પીડાઈ રહી છે. એ જોઈ આપણા સહુનો અંતર આત્મા કકળી ઊઠે છે. કારણકે આપણે પણ એના તાપો અને પરિતાપોથી દાઝયા વિના રહી શકતા નથી. ત્યારે આપણને વિચાર આવે છે કે આનો ઉપાય શો ?

એનો ઉપાય એક જ છે કે સારા માણસોએ સંગઠિત થવું ને સારા વિચારો, ભાવો ને પ્રયાસોનો સમાજમાં ફેલાવો કરતા રહેવું. જાતની શુદ્ધિ વિના સમાજની શુદ્ધિ શકય નથી એટલે શરૂઆત જાતથી કરીએ

સાચા ધર્મનાં મૂલ્યોના પાયા સિવાય ઊભી કરેલી કોઈ પણ આબાદી લાંબી ટકતી નથી. તેમ જ સુખ પણ આપી શકતી નથી. એટલે એ પાયાનાં મૂલ્યોનો લોકોને પરિચય કરાવીએ. એ પ્રમાણે એમનું જીવન બને ને એવા માણસો સ્વાર્થની ભાવના વગર કેવળ લોકહિતની ભાવનાથી જોડાય તો એક પ્રચંડ શક્તિનું નિર્માણ થાય. જેવી શક્તિ શ્રી રામકૃષ્ણ પરમહંસે, સ્વામી વિવેકાનંદે, શ્રી સહજાનંદ સ્વામીએ ને છેલ્લે શ્રી મહાત્મા ગાંધીજીએ પ્રકટાવી હતી.

દસેક વર્ષો પહેલાં મુંબઈ ખાતેની અમેરિકન કોનસેલની કચેરીના શ્રી રીચાર્ડ કીની ભાવનગર આવેલા. તેઓએ પૂ. શ્રી યોગેશ્વરજીને પ્રથમ મુલાકાત પ્રસંગે સીધો પ્રશ્ન પૂછેલો, તે આજે મને યાદ છે. પ્રશ્ન અંગ્રેજીમાં પૂછેલો, જે આ પ્રમાણે હતોઃ

What should be the aim of Life ?'

[ જીવનનું ધ્યેય શું હોવું જોઈએ ? ]
શ્રી યોગેશ્વરજીએ તુરત જ ટૂંકામાં જવાબ આપ્યોઃ–
"Self realisalion and Service of humanity."
[ આત્મસાક્ષાત્કાર અને માનવ–સેવા ]

શ્રી કીનીએ તુર્ત જ સામો પ્રશ્ન કર્યોઃ "which will you put first. ?" [ આ બેમાં કોને પ્રથમ પસંદગી આપવી ? "

શ્રી. યોગેશ્વરજીએ કહ્યું: " The first should always be First. [જે પહેલું છે. એટલે કે આત્મ–સાક્ષાત્કારને જ હંમેશાં પ્રથમ પસંદગી આપવાની.] પોતાના આ વિધાનની સ્પષ્ટતા કરતાં તેઓએ ઉમેર્યું: " Self–realisation should always be first. Than service Otherwise. The man is likely to be the Victim of temptations, power and prosperity. He will then gradually forget his principal aim of self–realisation and will never be able to do so, during his life time. On the otherhand, a self realised man would never fall victim to fame, favour, wealth and women. He is always aware and naturally possesses ample inner strength to resist all temptations and stick to his lofty ideals.

આત્મ સાક્ષાત્કારને લોકસેવાની પ્રવૃત્તિ કરતાં પહેલું પ્રાધાન્ય આપવું જોઈએ. જો આમ કરવામાં ન આવે તો સેવાના ક્ષેત્રમાં પડેલ માણસ, સત્તા ને સંપત્તિનાં પ્રલોભનોનો ભોગ બનાવાની શકયતા રહેલી છે. એ પછી એ ધીમે ધીમે પોતાના જીવનના મુખ્ય ધ્યેયને ભૂલી જશે અને જીવન દરમ્યાન કદી તેને સિદ્ધ નહિ કરી શકે.



એથી ઉલટું આત્મ સાક્ષાત્કારી માણસ સેવા કરવા છતાં કદી પણ કોઈ પ્રલોભનોનો શિકાર નહિ બને, કારણ કે તે હરહંમેશ જાગૃત હશે. એથી કીર્તિ, પક્ષપાત, સંપત્તિ કે શારીરિક સુખોનો તે ભોગ નહિ બને. આત્મજાગૃતિના પરિણામે બધી લાલચો સામે ટકી રહેવાનું તેમ જ પોતાના ઉન્નત આદર્શોને વળગી રહેવાનું જરૂરી આત્મબળ તે ધરાવતો હશે.

આ ઉપરથી આપણે જોઈ શકીશું કે પ. પૂ. માહાત્મા ગાંધીજીએ લોકોને આત્મનિરીક્ષણની ભાવના ને સેવાનો સમન્વય સાધીને, ઈશ્વરમાંની અનન્ય શ્રદ્ધાની જે મૂડી આપી હતી, તે આજની પ્રજાએ ( સેવકો ને શાસકો સહિત ) ખોઈ નાખી છે. એટલે જ આ બધું દુઃખ છે.

સ્વામી શ્રી વિવેકાનંદજીએ પોતાના જીવનના અંતિમ દિવસોમાં જે ઉદ્દગાર કાઢેલા તે ખૂબ સૂચક છે.

India is immortal is the persists in her seareh for God. But if She goes in for politics and social conflict, she will die. " ભારત જો તેની ઈશ્વર અંગેની શોધ ચાલુ રાખશે તો તે કાળથી પર ને અમર બની રહેશે, પરંતુ જો તે રાજનીતિ અને સામાજિક સંઘર્ષના માર્ગે આગળ વધશે તો તે બરબાદ થઈ જશે. કે તેનો વિનાશ નોતરશે. "

આ શબ્દો આજના સંદર્ભમાં કેટલા બધા સાચા છે ! આપણે બિનસાંપ્રદાયિકતાના નામે ધર્મનો શિક્ષણમાંથી છેદ જ ઉડાવી દીધો છે. એટલે તો ઊગતી પેઢીમાં નથી દેખાતી કોઈ ભાવના કે નથી જણાતી કોઈ શ્રદ્ધા. પછી એમનામાં આત્મબળ પણ આવે ક્યાંથી ?

એટલે આપણે આજથી જ આપણું જીવન સારું કરવાનો

( અનુસંધાન પાના ૧૨ ઉપર )

# રામનામનો મહિમા

સંત શ્રી આશારામજી

रामनाम कलि बिटप कुठारी,
सादर सुनु गिरिराजकुमारी ।

ભગવાન શિવ પાર્વતીજીને કહે છેઃ

"હે ગિરિજા, તમો આદર સાથે સાંભળો રામનામ એ કલિકાળ રૂપી વૃક્ષને કાપનાર કુહાડો છે." અર્થાત્ પરમાત્માનું નામ કલિકાળમાં બધાં દુઃખોનો નાશકર્તા છે.

रामनाम की औषधि खरी नियत से खाय ।
अंग रोग व्यापे नहिं महारोग मिट जाय ॥

શાસ્ત્રોમાં કહ્યું છે કે રામનામની ઔષધિ યોગ્ય રીતે ખાવાથી બધી બીમારીઓ મટી જાય છે અને જન્મમરણના ચક્રરૂપી મહારોગથી મુક્તિ મળે છે. પરંતુ વ્યવહારમાં જોવા મળે છે કે વર્ષોસુધી રામનામ રટવાવાળા અને રટવાનો ઉપદેશ આપવાવાળા બીમાર થઈને હૉસ્પિટાલમાં પડ્યા છે. આ જોઈને લોકોનાં મન શાસ્ત્રની આ વાત પરથી ડગમગી જાય છે. અંગરોગ પણ મટતો નથી, તો મહારોગ ક્યાંથી મટશે ? પણ હકીકતમાં તો લોકો રામનામના મર્મને, રામનામના ખરા તત્ત્વને જાણતા નથી, રામનામનો ઉચ્ચાર કરતાં તેમને એ તત્ત્વમાં ડૂબતાં આવડતું નથી, તેથી રામનામની ઔષધિ કારગત નીવડતી નથી, હજમ થતી નથી.

રામનાં ચાર સ્વરૂપ બતાવ્યાં છે.



एक राम दशरथ घर डोलें, एक राम घट घट बोंले ।
एक राम का सकल पसारा, एक राम सबसे न्यारा ॥

અયોધ્યામાં દશરથના ઘેર પ્રગટેલા તે મારા રામનું એક સ્વરૂપ છે. એક રામ ઘટ ઘટમાં એટલે કે દરેકના હૃદયમાં ધબકી રહ્યો છે. એક રામ સૃષ્ટિમાં સર્વત્ર વ્યાપી રહ્યો છે. અને એક રામ આ બધામાં વ્યાપ્ત છતાં બધાથી ન્યારો છે.

દશરથના પુત્ર રામને માટે કોઈ સંદેહ કરી શકે કે વાસ્તવમાં તે થયા હતા કે નહિ ! સૃષ્ટિમાં વ્યાપેલા રામને પણ કદાચ કોઈ જાણી ન શકે. બધાથી ન્યારા એવા રામની વાત પણ સમજમાં ન આવે. પરંતુ ઘટ ઘટમાં બોલી રહેલા, દરેકના હૃદયમાં રમી રહેલા રામ વિષે કોઈને શંકા નથી.

આ ઘટમાં રહેલાં રામ જ શરીર, મન, ઇન્દ્રિયોને સત્તા આપનાર, એ બધાંને જોનાર કાલાતીત, ગુણાતીત, દેશાતીત એવા તત્ત્વરૂપ પરમાત્મા છે, એવું ન જાણવાથી રામનામ રટવા છતાં તેનો લાભ થતો નથી.

આપણે રામનામ રટીએ છીએ, જપીએ છીએ, સાંભળીએ છીએ, કથા–કીર્તન કરીએ છીએ. પણ જ્યાં સુધી રામનું સ્વરૂપ સમજ્યા વગર એ કરીએ છીએ ત્યાં સુધી લાભ નહિ થાય.

આકાશ એક જ છે પણ ઘટ, મઠ અને મેઘની ઉપાધિ–ભેદથી ઘટાકાશ, મઠાકાશ ને મેઘાકાશ કહેવાય છે. અને આવી ઉપાધિઓ હજારો હોવાથી આકાશનાં પણ હજારો નામો પડી જાય છે. તેવી જ રીતે રામતત્ત્વ એક જ છે. તે જ અનંત બ્રહ્માંડમાં ભિન્ન ભિન્ન સ્વરૂપોમાં વ્યાપ્ત છે. પરંતુ અવિદ્યાથી એને ભિન્ન ભિન્ન સ્વરૂપોમાં સીમિત, પરિછિન્નત

માની લઈએ છીએ. એની અસીમતા અને અનંતતાને ન સમજવાથી એને એક જ શરીરમાં માનીને તે શરીરને થનારાં દુઃખ, ક્લેશ, આધિ-વ્યાધિ–ઉપાધિ પોતામાં માનીને દુઃખી થાય છે. પરિણામે જન્મમરણરૂપી મહારોગ ચાલુ જ રહે છે.

લોકો કહે છે કે રામનામનો સ્વાદ નથી આવતો, રોગો નથી મટતા: પિત્તના રોગીને પણ સાકર મીઠી નથી લાગતી. છતાં પણ તે જો સાકર લેતો રહે તો રોગ પણ મટે છે ને સાકરનો સ્વાદ પણ આવવા લાગે છે. સાકર પિત્ત રોગની દવા પણ છે અને મીઠાશ આપનાર પણ છે.

આ જ પ્રમાણે રામનામ ભવરોગની દવા અને બ્રહ્માનંદનો સ્વાદ એમ બંને છે. જ્યાં સુધી એની મીઠાશ ન આવે ત્યાં સુધી લેતા રહો. એના સેવનથી બુદ્ધિ તીવ્ર થશે, સમજ ખુલશે, અંતઃકરણ શુદ્ધ થશે, મનની ચંચળતા ઘટશે, પાપનો ક્ષય થશે. એમ કરતાં કરતાં પુણ્ય વધવાથી કોઈ પહોંચેલા ફકીર–ઓલિયા મળી જશે. તેઓ આપણને રામનામની ઔષધિ હજમ કરાવી દેશે. તેમની કૃપાથી અજ્ઞાન દૂર થશે અને રામનામની, બ્રહ્માનંદની મસ્તી ખીલી ઊઠશે. અંગરોગ તો મટશે જ, સાથે મહારોગ–જન્મમરણનો રોગ પણ નાબૂદ થશે.

---

( અનુસંધાન પાના ૯ નું ચાલુ )

મક્કમ સંકલ્પ કરીએ. વહેલા ઊઠીએ, પ્રભુને પ્રાર્થના કરીએ, વ્યસનોમાંથી મુક્ત બનીએ ને આત્મસાક્ષાત્કારના માર્ગે આગળ વધવા માટે નિયમિત ધ્યાન કરીએ. એ વાત કદી ન ભૂલીએ કે હવે પછી જે પરિવર્ત્તન આવી રહ્યું છે, તેમાં પ્રભુએ આપણને પણ કંઈ કામ ફાળવ્યું છે, તે માટે આપણે આપણી જાતને યોગ્ય બનાવવી રહી.



# પ્રકાશના પંથે

યોગેશ્વરજી

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## યોગાભ્યાસની રુચિ અને સંતોનો સમાગમ

યોગાભ્યાસ તરફ મારું મન પહેલેથી જ ખેંચાતું હતું. યોગાભ્યાસ કરીને લોકોત્તર શરીર સંપત્તિ કે સિદ્ધિઓની પ્રાપ્તિ કરવાનો મારો વિચાર ન હતો. યોગાભ્યાસ મને આત્માનો સાક્ષાત્કાર કરાવી આપશે એ આશાથી જ તે તરફ મારું મન આકર્ષાતું. મારા દિલમાં જગદંબાનું દર્શન કરવાની લગની લાગેલી. તે લગનીને જે શાંત ન કરી શકે તેવા યોગ, જ્ઞાન કે સાધનની મારે મન કશી કિંમત ન હતી.

પરંતુ યોગની સાધના શીખવી કેવી રીતે? યોગાભ્યાસ માટે મુખ્ય અનિવાર્ય આવશ્યકતા ગુરુ અથવા માર્ગદર્શકની છે. તે વખતે મુંબઈમાં ત્રણેક યોગાશ્રમો ચાલતા. એમાં એક અમરધામ યોગાશ્રમ ચર્નીરોડ સ્ટેશનની પાછળ એક ઊંચા મકાનમાં હતો. તે આશ્રમના મુખ્ય સંચાલક યોગવિદ્યામાં કુશળ મનાતા. તેમની પાસે જઈ મેં આશ્રમ વિશે માહિતી માગી. તે બહુ ભલા માણસ હતા. તેમનું વર્તન માયાળુ, નમ્ર અને સરળ હતું. તેમણે મારી જિજ્ઞાસાને તૃપ્ત કરવા બનતો પ્રયાસ કર્યો. મેં મારા મનોભાવોની રજૂઆત કરતાં ખુલાસો કર્યો કે, "મારો વિચાર ઈશ્વરનાં દર્શન કરવાનો છે, શું તમે ઈશ્વર દર્શન કર્યું છે? પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો છે? અથવા તેનો ચોક્કસ ઉપાય તમે જાણો છો? અહીં આસનો, ષટ્ક્રિયા ને પ્રાણાયામ શીખવવામાં આવે છે. પણ મારો મુખ્ય

રસ તેમાં નથી. ”

મારી વાત સાંભળીને તેઓ પ્રસન્ન થયા. મારા તરફ પ્રેમથી જોઈને પછી કહેવા માંડ્યા: “ તમારા જેવા વિદ્યાર્થી તો અમારા યોગાશ્રમમાં આ પહેલા જ આવે છે. તમારા સંસ્કારો ઘણા સારા છે. અહીં ઈશ્વરદર્શનની તાલીમ તો નથી અપાતી પણ આસન, પ્રાણાયમ વગેરે શીખવાય છે. શરીર અને મન બંને પર તેની સારી અસર થાય છે. તેમાં થોડો રસ લો તો કંઈ ખોટું નથી; તેથી કોઈ નુકસાન થવાને બદલે લાભ જ થશે. ”

આમ જે વસ્તુની મને ઝંખના હતી તેની પ્રાપ્તિનો સંભવ ન હોવા છતાં યોગ તરફના આકર્ષણને લીધે મેં યોગાશ્રમમાં જવાનું શરૂ કર્યું. વ્યાયામનો શોખ કેળવ્યો. વળી શીર્ષાસન કરવાની ટેવ મેં મારી મેળે જ પાડેલી એટલે બીજા આસન શીખવામાં મને મુશ્કેલી ન પડી.

યોગાશ્રમમાં બધા મળીને કેટલા દિવસ જવાનું થયું તે મને બરાબર યાદ નથી. મારું હૃદય મને કહેતું કે ઈશ્વર માટે આતુર બાળકની જેમ આક્રંદ કરવાથી, તલસવાથી ને પ્રાર્થનાથી તેનું દર્શન જરૂર થઈ જશે. એટલે થોડા દિવસ પછી મેં યોગાશ્રમમાં જવાનું બંધ કર્યું.

એનો અર્થ એવો નથી કે મને યોગસાધના તરફ અરુચિ થઈ. યોગમાંનો રસ મારા જીવનમાં ચાલુ જ રહ્યો. નિયમિત આસનો કરવાનો ક્રમ આજે પણ ચાલુ છે. તેથી મને શારીરિક અને માનસિક લાભ સારો થયો છે. મારે એટલું જ કહેવાનું છે કે આત્મિક ઉત્કર્ષની વાત કોરે મૂકીએ તોપણ



સ્વાસ્થ્યની સુધાર અને સંરક્ષણ માટે તેનું મહત્ત્વ ઘણું છે. આપણી શાળાઓમાં બાળકો અને યુવાનો ને વ્યાયામની સાથે જ યોગાભ્યાસની શરૂઆતની તાલીમ આપવામાં આવે તો તેમની તન મનની સંપત્તિને વધારવામાં ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવી શકે. એ દિવસ વહેલો આવે તેવું ઇચ્છું છું.

મુંબઈના નિવાસ દરમ્યાન કોઈ સંત પુરુષના દર્શનની ઇચ્છા મને અવારનવાર થયા કરતી. મારી કોલેજના પ્રથમ વર્ષ દરમ્યાન એક સંન્યાસી રોજ સવારે ચોપાટી પર ફરવા આવતા. તેમની સાથે પરિચય થતાં તેઓ મારા પર પ્રેમ રાખતા થયેલા. સમુદ્રની પાળ પર બેસી ધ્યાન કરતાં જો ઝોકું આવી જાય ને પાણીમાં ગબડી પડાય તો કેવી દશા થાય, તે તરફ પણ તેમણે સાવધાનીના સૂરે મારું ધ્યાન દોરેલું. તેમની સાવધાન રહેવાની સૂચના મેં સાભાર સ્વીકારી લીધી. કેમકે સાવધાન રહેવું સઘળા સંજોગોમાં હિતાવહ છે. તે મહાપુરુષ મુંબઈમાં બહુ લાંબો વખત રહેલા. તેમની છેલ્લી મુલાકાત ક્યારે થયેલી એ યાદ કરતાં નાનો પ્રસંગ યાદ આવે છેઃ કોલેજની વાર્ષિક પરીક્ષા ચાલતી હતી. ઇતિહાસનું પેપર પૂરું કરી હું ચોપાટી પર ફરવા ગયો તો તે મહાપુરુષ ત્યાં ઊભેલા તેમણે મારી પાસેથી ઇતિહાસનું પેપર લઈ પ્રશ્નો પૂછી પરીક્ષાની માહિતી મેળવી તે પછી કેટલીક વાતો કરી અમે છૂટા પડ્યા તે પછી આજ સુધી મળી શક્યા નથી. પણ તેમના પ્રત્યેની મારી લાગણી કાયમ છે.

બીજા સંતપુરુષના દર્શનનો લાભ મને હેંગીંગ ગાર્ડન પર મળ્યો, જે બાંકડા પર હું રોજ સવાર સાંજ બેસતો ત્યાં જ એક સાંજે તેઓ બેઠેલા. તેમણે સફેદ વસ્ત્રો પહેરેલાં ને પંચકેશ રાખેલા. લગભગ આખા દેશનું પરિભ્રમણ કરેલું.

મારી જિજ્ઞાસાના જવાબમાં તેમણે ભારતનાં અનેક પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ સ્થળોની માહિતી મારી પાસે રજૂ કરી. મેં એ સંતપુરુષને પૂછ્યું કે, "પ્રવાસી જીવનમાં ધ્યાન વગેરે આત્મોન્નતિનાં સાધન થઈ શકે ?" તેમણે શાંત સ્વરે ઉત્તર આપ્યોઃ "જરૂર થઈ શકે. પ્રવાસ કરતાં કરતાં સમય બચાવીને નિયમિત સાધના કરી શકાય છે."

મેં જરાક હિંમત કરીને પૂછ્યુંઃ "તમે સાધના કરો છો ?" તેમણે કહ્યું, 'હા' 'ત્યારે તમને નિર્વિકલ્પ સમાધિ થઈ છે ખરી ? એવી જ શાંતિથી પ્રત્યુત્તર આપતાં તેમણે કહ્યુંઃ 'ના, હજી એ દશાએ હું નથી પહોંચ્યો. પણ પહોંચવાનો પ્રયાસ કરું છું, એટલે શ્રદ્ધા છે કે જરૂર પહોંચી જઈશ. ધ્યાનમાં મને સારા અનુભવો થાય છે." તેમની નમ્રતા ને નિરાડંબરતાએ મારા ઉપર સારી અસર કરી. મોડે સુધી વાત કરી અમે છૂટા પડયા. આજે તે છે કે નહીં, ને છે તો કયાં છે, તેની ખબર નથી. પણ તેમનો પુરૂષાર્થ ચાલુ રહ્યો હશે તો આજે તેમની દશા અનેરી હશે, એ નક્કી છે.

## ગાંધીજીનું દર્શન

કોલેજના પ્રથમ વરસ દરમ્યાન મને મહાત્મા ગાંધીજીના દર્શનનો લાભ મળ્યો. મહાત્માજી તે વખતે બિરલા હાઉસમાં ઊતર્યા હતા. તેમના દર્શન કરવા જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલમાંથી બેત્રણ ભાઈઓ સાથે હું પણ પહોંચી ગયો. અમે પહોંચ્યા ત્યારે ગાંધીજીની સાંજની પ્રાર્થનાનો સમય હતો. બિરલા હાઉસની બહાર ઘાસના મેદાનમાં ગાંધીજી બેઠેલા. વાતાવરણ તદ્દન શાંત હતું. સફેદ વસ્ત્રો પહેરીને ગાંધીજી શાંતિથી બેઠા હતા. તેમનું મુખ પ્રસન્નતાથી ને તેજસ્વિતાથી ભરેલું. તેમને જોઈ ને મને આનંદ થયો. ગાંધીજીના દર્શનની અસર મારા પર ઘણી ભારે થઈ. એક મહાન સંતપુરુષ થવાની ભાવના મારા મનમાં કેટલાય વખતથી જાગ્રત થઈ હતી. ગાંધીજીના દર્શનથી એ ભાવનાને વધારે પુષ્ટિ મળી. જો કે ગાંધીજી સાથે કોઈ વાત કરવાનો અવસર મને મળ્યો નહીં પરંતુ એમના દર્શનની કિંમત પણ મારે માટે ઘણી ભારે હતી. તેમનું દર્શન કરીને મને થયું કે મારે પણ મહાન બનીને દેશ અને દુનિયાની ભલાઈનાં કામ કરવાં જોઈએ. સૌથી પહેલાં મારે ઈશ્વરનાં દર્શન કરવાં જોઈએ, ઈશ્વરની કૃપાથી લોકોત્તર શક્તિ મેળવવી જોઈએ, ને તે દ્વારા બીજાને મદદ કરવી જોઈએ. મને થયું કે દેશને આઝાદ કરવાના કામમાં હું ગાંધીજીને કોઈ મોટી મદદ કરી શકું તો કેવું સારું ? ઈશ્વરની ઇચ્છાથી સર્વ કાંઈ થઈ શકે.



એ બધા વિચારોથી મારું મન અને અંતર નાચી ઊઠયું. પછી તો દિવસો ને વરસો સુધી એ ભાવોમાં હું નહાતો રહ્યો. દેશ ને સ્વતંત્રતા મળે તે માટે પાછલા જીવનમાં મેં ઈશ્વરને સતત પ્રાર્થના કરી. ભારતની આઝાદીની પાછળ ઈશ્વરની ઇચ્છાને યોજના કામ કરી રહી છે તેની મને પ્રતીતિ હતી. તેમાં વધારે નહીં તો થોડા પણ નિમિત્તરૂપ બનાય તેવી મારી ઇચ્છા હતી. એ પરથી ગાંધીજી માટે મને કેટલો આદર ભાવ હતો તેની કલ્પના કરી શકાશે. તે તેમનું પહેલું ને છેલ્લું દર્શન હતું. આજે પણ એની યાદ એવી જ તાજી છે ને તાજી રહે તે જરૂરી, છે કેમકે તેમાં પ્રેરણાની સામગ્રી ભરેલી છે.

---*---

શ્રી. રામકૃષ્ણ પરમહંસનો અનોખો છતાં અનન્ય ભક્ત

# શ્રી ગિરીશચંદ્ર ઘોષ

( હપ્તો ૨જો )

નારાયણભાઈ હ. જાની

આ પછી થોડા દિવસો કેડે, એટલે કે ૧૮૮૪ના સપ્ટેમ્બરની ૨૧ તારીખે શ્રી રામકૃષ્ણદેવ એમના કેટલાક ભક્તો સ્ટાર થિયેટરમાં શ્રી ગિરીશે લખેલું ભગવાન ચૈતન્યનું નાટક જોવા આવ્યા. એ વખતે ગિરીશ પોતે થિયેટરના બહારના પ્રાંગણમાં આંટા મારી રહ્યો હતો. શ્રી રામકૃષ્ણદેવના ભક્તોમાંથી એક જણે એની પાસે જઈને કહ્યું "ગુરુદેવ તમારું નાટક જોવા આવ્યા છે. જો તમે તેમને મફત પ્રવેશ આપી શકો તો આપનો આભાર. નહિ તો એમને માટે ટિકિટ લઈએ." શ્રી ગિરીશે કહ્યું કે શ્રી રામકૃષ્ણને ટિકિટ લેવાની જરૂર નથી, પરંતુ એમના બીજા ભક્તોએ લેવી પડશે. આમ કહી તે જાતે જ શ્રી રામકૃષ્ણને સન્માનવા સામે ગયો. પરંતુ શ્રી રામકૃષ્ણદેવને તે પ્રણામ કરે તે પહેલાં જ શ્રી. રામકૃષ્ણે એને પ્રણામ કર્યા. એટલું જ નહિ પરંતુ જેટલીવાર ગિરીશે એમને પ્રણામ કર્યા તેટલીવાર શ્રી રામકૃષ્ણ પણ એને પ્રણામ કરતા જ રહ્યા. આખરે ગિરીશને ભય લાગ્યો કે આ પ્રણામ કરવાનું આમ ચાલુ જ રહેશે તો સાંજ પડી જશે; એથી એણે એમને મનોમન પ્રણામ કરી, માળ ઉપર બોક્સમાં તેડી ગયો. તે દિવસે તેની તબિયત સારી ન હોવાથી, તે ઘરે ચાલ્યો ગયો.

આથી ગિરીશે એના પોતાના નાટક વિષે શ્રીરામકૃષ્ણદેવની આનંદદાયક ટીકાટિપ્પણી સાંભળવાનો તેમ જ તેમની



વારંવારની ભાવસમાધિ જોવાનો અમૂલ્ય અવસર ગુમાવ્યો. પાછળથી શ્રી રામકૃષ્ણદેવને આ નાટક વિષે પૂછતાં તેઓએ કહ્યું: "નાટકની રજુઆત મને સત્યઘટના જેટલી જ વાસ્તવિક લાગી."

ત્રણેક દિવસ કેડે શ્રી ગિરીશ એક મિત્રના ઘરે વરંડામાં બેઠો હતો, ત્યાં તેણે જોયું કે સામે રસ્તા પરથી શ્રી રામકૃષ્ણદેવ આવી રહ્યા છે. એમણે પરસ્પર પ્રણામ કર્યા. શ્રી ગિરીશને આ વખતે એમની સાથે જવાની પ્રબળ લાગણી થઈ, પરંતુ તે ન ગયો. થોડીવાર પછી કોઈ સંદેશો લઈને આવ્યું કે શ્રી રામકૃષ્ણદેવ એને યાદ કરે છે, એથી ગિરીશ ઊઠીને એની પાછળ શ્રી બલરામ બોઝને ત્યાં ગયો, જ્યાં તે અવારનવાર આવતો આ વખતે શ્રી રામકૃષ્ણદેવ અર્ધચેતન અવસ્થામાં હતા અને જાણે કે શ્રી ગિરીશની પહેલાંની શંકાઓના જવાબરૂપે બોલતા હોય એમ ધીમેથી બોલવા લાગ્યા: "ના; આ ઢોંગ નથી. ના આ ઢોંગ નથી." તે પછી પાછી એમને સભાન સહજ અવસ્થા પ્રાપ્ત થઈ.

ગિરીશને હંમેશ ગુરુ મેળવવાની ઝંખના રહેતી. છતાં કોઈ માનવ શરીરધારી આવો ગુરુ થઈ શકે એ વિષેની એની શંકાને એ જક્કીપણે વળગી રહેલો એ આપણે જોયું. આથી એણે શ્રી રામકૃષ્ણદેવને સીધો પ્રશ્ન પૂછયો: "ગુરુ એ શું છે ?" શ્રી. રામકૃષ્ણદેવે સરળતાથી જવાબ આપ્યો, "એ તો દૂતી જેવો છે, જે તેની પ્રિયતમાનો તેના પ્રેમી સાથે મેળાપ ગોઠવી આપે છે. એ જ રીતે ગુરુ પણ વ્યક્તિના આત્માનો તેની પ્રિય એવી દિવ્ય શક્તિ સાથેનો મેળાપ કરાવી આપે છે." પછી ધીમેથી ઉમેર્યું, "તમારે ગુરુ માટેની ચિન્તા કરવાની જરૂર નથી. તમારા ગુરુ તો કયારનાયે પસંદ

કરી લેવાયા છે."

પછી નાટ્યગૃહ વિષે વાતચીત ચાલી, શ્રી. રામકૃષ્ણદેવે ગિરીશને કહ્યું, "તમારું નાટક મને ઘણું ગમ્યું. જ્ઞાનનો સૂર્ય તમારા ઉપર પ્રકાશવા લાગ્યો છે, તમારા હૃદયમાંની બધી જ કાલિમાઓ બાળી નાંખવામાં આવશે. ટૂંક સમયમાં જ તમારા જીવનમાં ભક્તિનો પ્રાદુર્ભાવ થશે જે તમારા જીવનને શાન્તિ ને આનંદથી ભરી દેશે." શ્રી ગિરીશ આ સહન ન કરી શક્યો. એને પોતાની યોગ્યતા કરતાં વધારે પડતાં આ વખાણ લાગ્યા. એથી શ્રીરામકૃષ્ણદેવને એણે સ્પષ્ટપણે કહ્યું કે એનામાં કોઈ સદ્ગુણો નથી. એણે ગમે તેમ પણ કેવળ પૈસા કમાવા ખાતર જ નાટકો લખ્યાં છે." શ્રી રામકૃષ્ણે એનો આ જવાબ શાન્તિથી સાંભળી લીધો. પછી પૂછ્યું: "શું તમે મને તમારું બીજું કોઈ નાટક દેખાડશો?"

શ્રી ગિરીશે તુરત જવાબ આપ્યો. "બેશક, આપ ચાહો ત્યારે દેખાડી શકું."

"પણ તમારે કંઈક લેવું તો જોઈએ."

"તો ભલે, મને આઠ આના આપજો. બાલ્કનીની એ ખરાબ બેઠકની એટલી જ ટિકિટ છે. ત્યાં ઉપર ઘણો ઘોંઘાટ પણ થતો હોય છે."

અરે, પણ હવે તમારે ત્યાં નહિ બેસવું પડે. તમે ગયા વખતે બેઠા હતા, ત્યાં જ તમારી બેઠક હું રાખીશ.

આવી રમુજી વાતચીત પછી શ્રી ગિરીશે એમની રજા લીધી. એની સાથે આવેલા મિત્રે ગિરીશને પૂછ્યું: "તું શ્રી રામકૃષ્ણ વિષે શું માને છે?"



ગિરીશે તુરતજ જવાબ આપ્યો એ ઘણા મોટા ભક્ત છે. હવે એના હૃદયમાં આનંદ સમાતો ન હતો. એની બધી જ શંકાઓ ને વાંધાઓ જાણે કે ઓગળી જવા લાગ્યા હતા. "શ્રી રામકૃષ્ણે કહેલું કે તમારા ગુરુ તો ક્યારનાય પસંદ કરી લેવાયા છે." એ વાત એને વારંવાર યાદ આવવા લાગી.

પરંતુ ગિરીશનું વ્યક્તિત્વ કોયડારૂપ લાગતું. એનામાં સંકોચ સાથે આક્રમકતા અને નમ્રતા સાથે અહંભાવનું અજબ એવું વિરોધાભાસી સંમિશ્રણ જણાતું. જો કે હવે એ માનવા લાગ્યો હતો કે એ જેવા ગુરુની શોધમાં હતો તેવા કદાચ શ્રી રામકૃષ્ણ હોય પણ ખરા. પરંતુ એના આ વિચારનો, એના સ્વભાવના એક ભાગે ઉગ્રતાપૂર્વક વિરોધ કર્યો.

તે પછી ૧૪મી ડિસેમ્બર, ૧૮૮૪ના રોજ જ્યારે તે સ્ટાર થિયેટરના વેશભૂષારૂમમાં હતો, ત્યારે શ્રી રામકૃષ્ણદેવના એક ભક્તે આવીને કહ્યું કે તેઓ ઘોડાગાડીમાં આવી પહોંચ્યા છે. આ સાંભળી ગિરીશે કંઈક તોછડાઈપૂર્વક કહ્યું: "ભલે આવ્યા એમને બોક્ષ વિભાગમાં તેડી જાઓ ને એક બેઠક ઉપર બેસાડો."

આથી પેલા ભક્તે કહ્યું, "આપ જાતે એમને સન્માનવા નહિ આવો શું!"

ગિરીશે કંઈક ગુસ્સામાં સામો પ્રશ્ન કરતાં કહ્યું, "એમને મારી શી જરૂર છે?"

આમ છતાં તે ભક્તની પાછળ પાછળ દાદર ઊતરી નીચે આવ્યો. પરંતુ શ્રી રામકૃષ્ણદેવના ઓજસપૂર્ણ મુખારવિંદને જોતાં જ એનો ભાવ બદલાઈ ગયો! એના પોતાના ઘડી પહેલાંના અસભ્ય વર્તન અંગે એને લજ્જા ઉપજી. તે શ્રી રામકૃષ્ણ-

દેવને ઉપલા માળે પોતાની સાથે તેડી ગયો એટલું જ નહિ, પરંતુ એમને પ્રણામ કરી, એમનો ચરણ સ્પર્શ કર્યો ! તે પછી એમને એક ગુલાબ ફૂલ અર્પણ કર્યું.

શ્રી રામકૃષ્ણદેવે ક્ષણવાર એ ફૂલનો સ્વીકાર કરી, શ્રી ગિરીશને તે પાછું આપતાં હળવાશથી કહ્યું, "અરે ભાઈ, ફક્ત દેવો કે વિલાસી માણસો જ આવાં ફૂલ રાખે, હું એને શું કરું ?"

એ દિવસે હિરણ્યકશિપુના પુત્ર ને ભગવાન વિષ્ણુના બાળ-ભક્ત એવા પ્રહ્લાદજી વિષેનું નાટક હતું. દાનવ રાજા હિરણ્યકશિપુ ભગવાન વિષ્ણુને ધિક્કારતો જ્યારે એનો પુત્ર ભગવાન વિષ્ણુને પૂજતો. અને ખૂબ દુઃખો આપવા છતાં એણે ભગવાનની ભક્તિ છોડી ન હતી.

શ્રી રામકૃષ્ણદેવે જ્યારે એની નાટ્યકલા માટે ગિરીશને અભિનંદન આપ્યાં ત્યારે એણે નમ્રતાપૂર્વક કહ્યું કે કોઈપણ પ્રકારની યોગ્યતા વિના એણે આ લખ્યું છે. જે ગુણોનું એણે નાટકોમાં પ્રતિપાદન કર્યું છે, તે ગુણો એ પોતાના જીવનમાં ઉતારી શક્યો નથી."

શ્રી રામકૃષ્ણદેવે તુરત જ એ વિધાન સાથે અસંમતિ દર્શાવતાં કહ્યું કે હૃદયમાં ઈશ્વર માટેના સાચા પ્રેમ વગર, ગિરીશની જેમ, દેવોના પાત્રોનું આવું સરસ આલેખન કોઈ પણ લેખક કરી ન શકે. પાછળથી ગિરીશે કબૂલ કરેલું કે નાટ્યપ્રવૃત્તિ સંપૂર્ણપણે છોડી દેવાનું જ્યારે એને લાગ્યું ત્યારે શ્રી રામકૃષ્ણદેવે તેને તેમ કરવાની ના પાડી હતી, કારણ કે એનાં નાટકો લોકશિક્ષણ માટે ખૂબ ઉપયોગી છે, એમ તેઓ માનતા.



એક રાતે જ્યારે ગિરીશ પોતાના બે મિત્રો સાથે વેશ્યા-ગૃહમાં હતો ત્યારે તેને અચાનક શ્રી રામકૃષ્ણદેવની મુલાકાત લેવાની ઇચ્છા થઈ. રાત્રે ઘણું મોડું થયું હતું છતાં તેણે દક્ષિણેશ્વર જવા માટે ઘોડાગાડી ભાડે કરી. તેણે ખૂબ દારૂ ઢીંચ્યો હતો. જ્યારે તેઓ દક્ષિણેશ્વરના મંદિરે પહોંચ્યા ત્યારે ત્યાં બધા ઊંઘતા હતા. પરંતુ જ્યારે ગિરીશ અને તેના મિત્રો શ્રી. રામકૃષ્ણના ઓરડામાં લડથડિયાં ખાતા આવ્યા ત્યારે તેઓએ તેમનો પ્રેમપૂર્વક સત્કાર કર્યો. પછી તેઓ ભાવાવેશમાં ડૂબી ગયા અને ગિરીશના બન્ને હાથ પકડી નાચવા ને ગાવા લાગ્યા. ( ઘણા પ્રસંગોમાં આ એકમાત્ર વિરલ પ્રસંગ હતો કે જ્યારે શ્રી રામકૃષ્ણ આ રીતે વર્ત્યા હોય. દારૂડિયાઓનાં લડથડિયાંએ, એમને ઉન્માદના પરમસુખની અવસ્થામાં જાણે પોતે ઘૂમરીઓ લેતા હોય એમ માનવા પ્રેર્યા; શ્રી. રામકૃષ્ણદેવ, રસ્તા ઉપર જતા અજાણ્યા દારૂડિયાઓ સાથે નાચવા માટે ઘોડાગાડીમાંથી ઊતરી પડવા માટે પણ જાણીતા હતા.

( ક્રમશઃ )

( ક્રિસ્ટોફર ઈશરવુડના આધારે )

દુઃખ માણસાઈના વિકાસનું સાધન છે મનુષ્યના સાચા જીવનની ખીલવણી દુઃખમાં જ થાય છે સોનાની ખરી પરીક્ષા અગ્નિમાં તપાવ્યા પછી જ થાય છે.

# તપ

પ્રદીપ ઉપાધ્યાય-પરખ

તપ એટલે શું ?

તપ એટલે સંસારનો ત્યાગ કરીને જંગલમાં રહેવું તે, અને અનાયાસે–કુદરતી રીતે જે કાંઈ ખાવા યોગ્ય આવી મળે તે આરોગવું તે, એવી આપણી સાદી સમજ છે.

તમે તપ વિષે સમજ્યા છો જરૂર પરંતુ આ તેની ઉપલી સપાટીનો અર્થ છે. એનો ગુઢાર્થ એક વાક્યમાં શી રીતે સમાવી શકાય ? છતાં પણ આપણે પ્રયત્ન કરીએ છીએ. જીવન દરમ્યાન મનુષ્યને દુઃખ, આપત્તિ આવે છે, તે દુઃખ કે આપત્તિ નિવારી શકાય તેમ નથી. ત્યારે તે મનુષ્ય શાંતિથી દુઃખને, હળવાશથી પચાવી જાય, એ પણ તપનો એક પ્રકાર જ ગણાય.

જીવન-પટલમાં દુઃખ અને સુખના તાણાવાણા હોય છે. સુખ ઝાડના પડછાયાની જેમ આવી ને જતું રહે છે, અને દુઃખ એ જ ઝાડની ડાળીની જેમ ડોલ્યા કરતું હોય ત્યારે તે મનુષ્ય દુઃખના સમયે રોકકળ અને સુખ વખતે ઉન્માદિત થાય નહિ તે મનુષ્ય જ સાચો તપસ્વી.

આપણા રોજબરોજના પ્રસંગોમાં અહીં તહીં આપણે દુઃખમય પરિસ્થિતિમાં ઘણીવાર મુકાતા હોઈએ છીએ; ત્યારે સ્થિતિનો બરાબર ખ્યાલ કરી, વિહવળ બન્યા સિવાય શાંત ચિત્તે તેનો નિર્ણય લઈએ તો ? દુઃખની માત્રા ઘટે છે અને મનને તે રીતે વારંવાર સમજાવવાથી દુઃખનો સ્પર્શ પણ



થતો નથી.

ઈશ્વરે મનુષ્યને વિચાર કરવાની શક્તિ આપી છે. આપણે વિચાર કરી શકીએ છીએ. વિચારો સારા પણ આવે છે અને ખરાબ પણ આવે છે. પણ ત્યાં કેટલીક વખત નિર્ણય લેતી વખતે વિવેક રહેતો નથી. તે સમયે આપણે મન અને આત્મા વચ્ચેની દલીલોની ખેંચતાણ અનુભવીએ છીએ. ત્યારે મનને જીતતું રાખવા, હાથે કરીને આત્માને છેતરીએ છીએ. આપણે પક્ષપાત કર્યો છે. પરંતુ આ એક વખતનો પક્ષપાત વખત જતાં આપણા સ્વભાવનું અંગ બની જાય એવી સ્થિતિ ધીમે ધીમે નિર્માણ થાય છે એટલે આત્માને છેતરો નહિ, જે આત્માને છેતરે છે, તે સૌ કોઈને છેતરી શકે છે. આત્મામાં જ પરમાત્મા વસેલો છે, આત્મા અને પરમાત્મા વચ્ચેની સંવાદિતા જ મનની શાંતિ લાવે છે; અને સતત તેમાં કાર્યશીલ રહેવું એ જ ખરું તપ છે.

પૂ. શ્રીયોગેશ્વરજી આપણને વારંવાર ટકોર કરે છેઃ "આ મનુષ્યદેહ સત્કર્મ માટે જ છે, તેની એક એક ક્ષણ કિંમતી છે. તેનો ખોટો વ્યય ન કરો, પ્રભુ સ્મરણમાં લાગી જાવ. તેને તમારી જાત સોંપી દો." ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પ્રભુકાર્યમાં પોતાને સમર્પિત કરો અને તેમાં તત્પરતા, તે જ તપની શરૂઆત છે.

પરમ પૂ. શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના પહેલા જ વચનામૃતમાં પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું છે કે દુનિયામાં અઘરામાં અઘરી જો કોઈ વસ્તુ હોય તો તે ઈશ્વર સાથેનું સતત અનુસંધાન છે.

પરંતુ એ યાદ રાખો કે એ અઘરૂં હશે, અશક્ય નથી.

જાગૃતિપૂર્વકના પ્રયત્નથી સાધ્ય છે અને જે મહાપુરુષો એ સાધી શક્યા તે બડભાગી બની ગયા, ધન્ય થઈ ગયા.

આપણે એટલો જ નિર્ણય કરવાનો છે કે આપણે આપણા નામને એ બડભાગીઓની નામાવલિમાં ઉમેરવાની ઇચ્છા રાખીએ છીએ ખરા ?

બસ. જો આનો ઉત્તર 'હા 'માં હોય તો આજથી જ એ માટેના પ્રયત્ન આરંભો. પરિણામ આપ મેળે આવી મળશે.

દરેક મનુષ્યના હૃદયમાં શાંતિ રહેલી જ છે, છતાં જ્યાં સુધી કામનાઓ રૂપી ડાકણ એમાં વાસ કરે છે ત્યાં સુધી એનો અનુભવ માણસ કરી શકતો નથી. વૈરાગ્યના મહામંત્રથી જ કામનારૂપી ડાકણનો પરાજય થતાં જ અંદર રહેલી શાંતિનો અનુભવ થશે.



# જીવન પ્રત્યે દષ્ટિ

( અંધજન સાથે વાર્તાલાપ )

સંકલન : જે. વી. શાહ

"ફરવા જતાં માર્ગમાં અવાજ આવ્યો" મને જરા રસ્તો પસાર કરાવશો ? જોયું તો બાજુમાં ગોગલ્સ પહેરેલો યુવાન ચાલતો હતો. એના હાથમાં સફેદ લાકડી હતી એટલે તે યુવાન અંધ છે તે સમજવું મુશ્કેલ નહોતું. " કઈ બાજુ જવું છે? " મારે સાહેબ બસ સ્ટેન્ડ સુધી પહોચવું છે. થોડી વારમાં બસ સ્ટેન્ડ પાસે આવી પહોંચ્યા. સ્ટેન્ડ ઊપર ઊભા ઉભા અમારી સાથે થોડી વાતચીત થઈ.

" તમે આટલી મોડી રાતે ક્યાં જઈ આવ્યા ? મેં વાતનો આરંભ કરતા પૂછ્યું. "

" એક શાળામાં સંગીતનો કાર્યક્રમ હતો ત્યાં હારમોનિયમ વગાડવા ગયો હતો. " અંધે શાંતિથી જવાબ આપ્યો. તમે સંગીત શીખ્યા છો, મે જિજ્ઞાસા બતાવી. હા સાહેબ મેં વ્યવસ્થિત કલાસ ભર્યા છે, મને ગાતાં આવડે છે, હારમોનિયમ તબલાં વગાડતાં આવડે છે, અને હવે પિયાનો શીખવા લાગ્યો છું. એ તો બહુ સરસ કહેવાય મે પ્રશંસા કરી. પણ તમને ખરાબ ન લાગે તો એક પ્રશ્ન પૂછું ? હા સાહેબ પૂછોને, એણે નમ્રતાથી જવાબ આપ્યો.

" તમને આ તમારી અવદશા વાસ્તે દુઃખ થાય છે ખરું? " સાચુ કહું સાહેબ, કુદરતે આ જગતની વ્યવસ્થા બહુ સરસ કરી છે. એમાં દુઃખ શોધનારને સુખના મહાસાગરમાંથી પણ

દુઃખ મળી રહે છે. પરંતુ જો સાચી દૃષ્ટિ મળે તો કુદરતે એક ચીજ ઓછી આપી હોય તો પણ ઊણપ સાલે જ નહિ. દાખલા તરીકે કુદરતે મને અંધ બનાવ્યો પણ મારું ગળું એટલું સરસ છે કે આખો દિવસ ગીતો ગુંજવામાં મારો અંધાપો મને ખટકતો જ નથી. કોઈને વળી એટલા ચપળ આંગળાં આપ્યાં હોય છે કે જાતજાતના ઉદ્યોગો શીખી શકે છે.

"પણ તમને એમ નથી લાગતું કે આ સૃષ્ટિના સૌંદર્યોથી તમે વંચિત રહી જાવ છો?"

"પણ સાહેબ એની સાથે ખરાબ જોવાથી બચી જઈએ છીએ એ પણ એટલું જ સાચું છે ને? બીજો અમને એક લાભ એ પણ થાય છે, કે અમે તમારી હોટલો અને ફરસાણ મીઠાઈની દુકાનો જોઈ શકતા નથી. એટલે અમારી જીભ ઉપર કાબુ રાખવા માટે અમારે તમારી જેમ પ્રયાસ કરવા પડતા નથી.

"પણ તમને તમારું જીવન પરાવલંબી નથી લાગતું? મેં પૂછ્યું.

"આપણે સમાજ રચીને રહેવું પડે છે એ આપણું પરાવલંબીપણું જ છે ને? અમે અમુક બાહ્ય કામો વાસ્તે પરાવલંબી છીએ, એ તો ના છૂટકે—પણ આ દુનિયામાં કોણ પરાવલંબી નથી? દેખતા માણસો પણ પૂરા સ્વાવલંબી નથી જ હોતા."

"જીવન પ્રત્યે તમારો દૃષ્ટિકોણ ખૂબ જ આશાવાદી છે, એથી મને ખૂબ આનંદ થયો. હું તો એમ માનતો કે અંધત્વ એ ઈશ્વરે કરેલી એક મહાન શિક્ષા છે. અંધ લોકોના જીવન-



માં નરી હતાશા જ ભરી હશે" મેં કહ્યું.

"ના સાહેબ ઈશ્વર બહુ દયાળુ છે. એ બાળકને જન્મ આપવાની સાથે માતાના સ્તનમાં દૂધની વ્યવસ્થા કરતો હોય છે. એ રીતે જેને અંધ બનાવે છે, એને સહેવાની સહનશીલતા પણ તે આપે છે. સાથે એને જીવન સારી રીતે પસાર કરવા માટે ભાવના, બુદ્ધિ, જ્ઞાન, કે ઉદ્યમશીલતા જેવું પૂરક તત્ત્વ પણ આપે છે.

આ અંધથી વિખુટા પડ્યા પછી મને જાણે જીવન જીવવાની એક નવી જ દૃષ્ટિ મળી ગઈ. મને એમ લાગ્યું કે આપણા કહેવાતા દેખાતા માણસો જેટલું જુએ છે, એના કરતાં અંધજનો વધારે વ્યાપક અને ઊંડું જીવન દર્શન ધરાવે છે. આવા અંધજનોને ભૂતકાળમાં થઈ ગયેલા મહાન ભક્ત સુરદાસ અને વર્તમાન કાળમાં થઈ ગયેલા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી જગતભરના અંધ જનને પ્રેરણા રૂપ થઈ પડે તેમ છે.

અંધાપો ઈશ્વરનો અભિશાપ છે, એમ માની નિરાશ થઈ જવાની જરૂર નથી. ઉમાશંકર જોશી કહે છે એમ;

જે જે થયો પ્રાપ્ત ઉપાધિયોગ,
બની રહો તે જ સદા સમાધિયોગ.

દરેક ઉપાધિને પણ આપણે સમાધિનું સાધન જાણી શકીએ તો જ આધ્યાત્મિક પ્રગતિ થઈ શકે.

દેખતા માણસને ધ્યાન કરવા વાસ્તે આંખો બંધ કરવી પડે છે અને આંખો બંધ કર્યા પછી પણ એના વિચારો તો

દશ્યમાન જગત વિષે ચાલ્યા જ કરતા હોય છે. અંધજનને આવી કશી ઉપાધિ હોતી નથી. એની આંખો બંધ હોવાથી તે ચોવીસે કલાક ધ્યાનમાં રહી શકે છે. વિચારો ઉપર તે કાબૂ સારી રીતે મેળવી શકે છે.

જગત ગમે તેટલું સુંદર હોય તોપણ એ મિથ્યા છે. એનાથી વિમુખ રહેવા દેખતા માણસ પ્રયાસને કરવો પડે છે, અંધજનને તે સહજ રીતે સિદ્ધ છે.

પરમકૃપાળુ પરમાત્મા કોઈ કાર્ય નિર્દયતાથી કરતો નથી એની શિક્ષામાં પણ રહેમ હોય છે. એ કંટકમાં ગુલાબ ઉગાડે છે, કારણકે એની ઈચ્છા ગુલાબનું રક્ષણ કરવાની હોય છે. એની પ્રત્યેક યોજનામાં શુભ હેતુ રહેલો હોય છે.

આપણા દેહમાં આંખ એવી ઇન્દ્રિય છે. કે જે મોહ મત્સર લોભ આદિ રિપુઓને બળવાન બનાવવામાં સહાય કરે છે. આંખ ન હોય તો વિજાતીય આકર્ષણ ઓછું રહે છે. આંખ ન હોય તો બીજાનો વૈભવ જોઈ ઈર્ષા થવાનો ડર રહેતો નથી. જેને અંધકારનો જન્મથી જ અનુભવ હોય એને કોઈપણ ભય સતાવતો નથી.

અંધત્વ એ આપણા ખમીરની કસોટી છે, આપણા પુરુષાર્થનું પારખું છે. કુદરતે આપેલા આહ્વાનનો પડકાર ઝીલવાની સરસ તક છે. જે આ તકનો ઝિંદાદિલીથી, વીરતાથી લાભ ઉઠાવે છે. એ પ્રજ્ઞાચક્ષુ સુખલાલજી જેવા બનીને અમર બની જાય છે.

---



# ખ્વાજા દાના

-પ્રપન્નલાલ કાજી

તુર્કસ્તાનના ખલુક ખારજમ નામના નગરમાં આ ખ્વાજા ઓલિયાનો જન્મ સને ૧૪૭૭માં થયેલો. તેમના ઓલિયા પિતા તેમને ચાર માસની નાજુક વયે જંગલમાં મૂકી ઈબાદત કરતા અવસાન પામ્યા-અને એક હરણીએ તેને દૂધ પાઈ જીવતા રાખ્યા. લગભગ ૧૪ વર્ષની ઉંમર સુધી જંગલમાં જ ફળફૂલ પાન ખાઈને એ જીવ્યા. એમણે લગભગ ૩૦ વર્ષના થયા ત્યાં સુધી મૌલાના તુર્કસ્તાની ઉસ્તાદ ઝાહીરી પાસે તાલીમ લીધી અને ઈલ્મ શીખ્યા, ખ્વાજા અબ્દુલ્લા ઈસશરીકી પાસે ગંઅબંધન (દીક્ષા) લીધું.

તુર્કસ્તાનના એક પ્રદેશ બગલનો બાદશાહ એમના ઈલમ-થી અને ઈબાદતથી પ્રભાવિત થઈ જતાં પોતાની બેટી એમની ખિદમત માટે નિકાહમાં આપી. સને ૧૫૦૦માં એ ભારત પોતાની બીબી સાથે આવ્યા. સુરત શહેર, ચોવીસ બંદરનો વાવટો એટલું મોટું બંદર હતું-અને ભારત અફ-ઘાનિસ્તાન ઈરાનથી હજ કરવા જનારા આ શહેરના બંદરેથી વહાણમાં મક્કા જતા તેથી એ બાબુલ મક્કા કહેવાતું. એ સમયનો "મક્કા-એ-પૂલ" અને જહાંગીરનું બાંધેલું વિશાલ મુસાફરખાનું અને બાબરના કાકા બેરામખાનની કબર પણ અહીં છે.

જ્યારે અકબર બાદશાહ હજ કરવા જતા સુરત શહેરમાં ઊતર્યા, ત્યારે આ હઝરતનું શાહી ઠાઠથી સન્માન કર્યું અને

જહાંગીરે તો એમના ઈલમથી ખુશ થઈને તામ્રપત્ર પર લેખ કરીને વેગામા ગામ આપ્યું છે. તે તામ્રપત્ર–મુગલસાહીનું ખત મેં કેસ ચલાવતી વખતે સદ્ભાગ્યે જોયું છે. ઔરંગઝેબની ખુમારી આ ઓલીઆ આગળ ઠંડી પડી ગઈ હતી.

આજે એમની દરગાહ બડેખાંના ચકલા આગળ આવેલી છે. મોટી વિશાળ જગ્યા ચારે તરફ જાડી પાકી દિવાલથી બંધિયાર છે. તેમનું મઝાર એક અષ્ટકોણ પત્થરની જાળીવાળા મકાનમાં આવેલું છે અને ઉપર મોટો ગુંબજ છે. મોટી વિશાળ મસ્જીદ, વિશાળ વજુ કરવાનો હોજ અને ૩૦૦ ફૂટ ઊંચો મિનારો જે સને ૧૬૨૬માં બંધાયો તે આજે છે. મોટું કબ્રસ્તાન છે, મુસાફરખાનું છે, એઓનો જાપ મંત્ર;

પએ ઈમદાદ કશતી હાએં ઈ બહર,
વતન દારેમ અંદર કુન્જ ઈ શાહર;
બરીંખિદમત ઝહક ગશ્તેમ મામૂર,
એ ખુશ ગુફ્તેદ મામુરો માઝૂર."

આ હતો. તેઓ ૧૧૭ વરસની ઉંમરે બહિસ્ત નશીન થયા હતા.

દર વરસે સંદલ અને ઓરસ સફર માસના ચોથા ચાંદે થાય છે જ્યારે સંદલ શરીફ એમની દરગાહના દરવાજા નજીક આવે છે ત્યારે મોટાં બારણાં દઈ દેવામાં આવે છે અને તાળું મારવામાં આવે છે. અને ભેગી થયલી માનવમેદની "લા ઈલાહ" ની ધૂન ચલાવે છે ત્યારે તાળું ખુલીને નીચે પડે છે અને બન્ને વિશાળ બારણા આપ મેળે ખુલી જાય છે આ દશ્ય મેં નજરે જોયેલી હકીકત છે.



ઓરસ વખતે મોટી દેગ ખીચડીની પકાવાય છે તે ખીચડી સુકવીને અને પતાસું મુજાવર આપે છે. એ Painless dilivery અદ્યતન વૈજ્ઞાનિક શોધ જેવું જ કામ આપે છે.

મારી છોકરી ગાર્ગીને રૂહ્યુમેટીક હાર્ટની બીમારી હતી અને સુવાવડ આવી. આ ખતરનાક પરિસ્થિતિ હતી. ઓપરેશન સુવાવડ વખતે અનિવાર્ય હતું. એ છોકરીને હું મોટરકારમાં એ દરગાહ પાસેથી ખીચડી અને પતાસા સાથે લઈ ગયો. ઓપરેશન થિયેટરમાં એને સુવાડવામાં આવી. ડોકટર હથિયારો ઉકળતા પાણીમાં સાફ કરવા માટે નર્સને કહીને પાસેના રૂમમાં ગયા હું અને એક બહેન બહાર બારણું બંધ થતાં બેઠાં. મેં ખ્વાજા દાના જેને રોજ ત્યાંથી પસાર થતાં નમસ્કાર કરતો અને જેનું ઓરસ પર જઈને દર્શન કરી આવતો તેનું ધ્યાન ધરવા લાગ્યો. ઓપરેશન ટેબલ પર સૂતેલી મારી છોકરીને મોઢામાં ખીચડી અને પતાસું ખવડાવી દીધું. બહાર ધ્યાન ધરતા મારી બે આંખ વચ્ચેની ભ્રૂકુટિ મધ્યેથી એક મોટો પ્રકાશનો ગોળો નીકળ્યો જે ઓપરેશન થિયેટરનું બંધ બારણું છતાં તેમાં પ્રવેશ કરતો દેખાયો, થોડી જ સેકંડમાં નર્સ દોડતી બહાર આવી અને મને ઢંઢોળીને હોશમાં લાવી કહ્યું કે "બાબો બાબો" ડૉ. પણ ખૂબ આશ્ચર્ય ચકિત થયા એમની કારકિર્દીમાં આવા હાર્ટવાળાનો આ બનાવ અપૂર્વ હતો અને મને એમણે અભિનંદન આપ્યાં.

આવા ઓલિયાઓ આજે પણ સૂક્ષ્મ શરીરથી લોકકલ્યાણનું તેમનું કાર્ય જારી રાખતા હોય એમ સ્પષ્ટ દેખાય છે.

# જનાર્દન સ્વામીનો અનુગ્રહ

શ્રી યોગેશ્વર

ઈશ્વરના પૂર્ણ કૃપાપાત્ર સંતપુરુષની સહાયતાથી બીજા કોઈને ઈશ્વરનું દર્શન થઈ શકે ખરું ?

જરૂર થઈ શકે.

ઈશ્વરની પરિપૂર્ણ કૃપાપ્રસાદની પ્રાપ્તિ કરી ચૂકેલા કોઈ વિરલ સમર્થ સંતપુરુષ પોતાની કૃપાથી બીજાને પણ ઈશ્વર-દર્શન કરાવી શકે છે, એ વાત ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં સુપ્રસિદ્ધ છે. ભારતનો છેલ્લા શતકના સમય જેટલો જ આધ્યાત્મિક ઈતિહાસ જોઈએ તો પણ એ વાતની પ્રતીતિ થયા વિના રહેતી નથી, એ ઈતિહાસમાં એક એવા જ ઉજ્જવળ ઉદાહરણનો પરિચય થાય છે.

એ ઉદાહરણ છે મહાપુરુષ શ્રી રામકૃષ્ણ પરમહંસદેવનું.

શ્રી રામકૃષ્ણ પરમહંસદેવે પોતાના વિશેષ અનુગ્રહથી સ્વામી વિવેકાનંદને જગદંબાનું સાક્ષાત્ દર્શન કરાવ્યું હતું. એટલું જ નહિ પરંતુ જગદંબાની સાથે વાર્તાલાપ કરવાનો લાભ પણ આપ્યો હતો. એ હકીકતનો સ્વામી વિવેકાનંદ જેવા પ્રખર બૌદ્ધિક પ્રતિભાવાળા પુરુષે પોતાના શ્રીમુખે સ્વીકાર કર્યો છે. કલકત્તામાં દક્ષિણેશ્વરના ગંગાતટપરનાં સુંદર સ્થાનમાં બનેલો એ પ્રસંગ ભારતના ભૂતકાલીન આધ્યાત્મિક ઈતિહાસનો એક મહામૂલ્યવાન, ગૌરવપ્રદ, અમર અને પ્રેરણાદાયક પ્રસંગ છે.

એવા અસાધારણ પ્રાણવાન પ્રસંગો ઈતિહાસનાં પાનાપર



બહુ ઓછા નોંધાયા છે એ સાચું છે, અને એમાં કાંઈ વિસ્મય પામવા જેવું પણ નથી. કારણકે એક તો સાચી આધ્યાત્મિક વૃત્તિથી વિભૂષિત માનવો જ ઓછા મળે છે. તેમાં વળી એ વૃત્તિને સુરક્ષિત રાખીને સુદૃઢ કરીને આગળ વધનારા માનવો તો એથી પણ ઓછા મળે છે. એવા અલ્પસંખ્યક મનુષ્યોમાં પણ ઈશ્વર દર્શનનો આનંદ મેળવનારા કવચિત જ હોય છે. અને ઈશ્વરદર્શી મહાપુરુષોમાં પણ બીજાને ઈશ્વર-નું દર્શન કરાવી શકે એવા પુરુષ વિશેષ કોઈક વિરલ જ હોય છે. તે મળે અથવા મળે તો પણ પરિસ્થિતિ એવી હોવાથી, એવા મહાપુરુષો એ કોઈ બીજાને દર્શન કરાવ્યાના પ્રસંગો પણ કોઈક જ.

પોતાને માટે ઈશ્વર દર્શન કરવાનું જ જ્યાં મુશ્કેલ હોય ત્યાં બીજાને ઈશ્વર દર્શનનો લાભ આપવાનું સહેલું ક્યાંથી જ હોય ?

એવો જ એક બીજો પ્રસંગ ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયેલો છે. તે પ્રસંગ મહારાષ્ટ્રના મહાન સંત એકનાથ અને એમના મહાસમર્થ ગુરુદેવ શ્રી જનાર્દન સ્વામીનો છે.

જનાર્દન સ્વામીએ પણ પોતાની વિશેષ કૃપાથી એકનાથજીને ઈશ્વર દર્શનનો આનંદ આપ્યો હતો.

એ પ્રસંગ પણ ભારે કીમતી ને પ્રેરણાસ્પદ હોવાથી વિચારવા જેવો છે.

એકનાથજીના જીવન ચરિત્ર દ્વારા જાણવા મળે છે કે એકનાથજીએ છ છ વરસના લાંબા વખત લગી એમના ગુરુ જનાર્દન સ્વામીની તનમનથી દિનરાત સેવા કરી. સેવાને જ

પરમ સાધન સમજનારા એકનાથે સેવા કરતાં પાછું વાળીને ના જોયું.

એવી સતત નિષ્ઠાપૂર્વકની સેવાથી જનાર્દન સ્વામી છેવટે પ્રસન્ન થયા અને એકનાથને કહેવા માંડ્યાંઃ 'એકનાથ! તેં મારી તનમનથી મુક્ત સેવા કરી છે, તારી સેવાથી હું પ્રસન્ન થયો છું મારા ઇષ્ટદેવનું દર્શન કરાવું.'

ગુરુના શબ્દો સાંભળીને એકનાથનાં આનંદનો પાર ન રહ્યો. કાંઈ પણ બોલ્યા વિના ભાવ વિભોર બનીને એ શાંતિથી ઊભા રહ્યા.

ત્યાં તો ગુરુએ ફરી કહ્યુંઃ 'કાલે સાંજે મારા નિત્ય-નિયમ પ્રમાણે હું મારી ઉપાસનાના ઓરડામાં બેસું ત્યારે તું ત્યાં આવી પહોંચજે હું તને ભગવાન દત્તનું દર્શન કરાવીશ.

એકાએક થયેલી એ ગુરુકૃપાથી એકનાથનું અંતર ઉછાળા મારી રહ્યું.

બીજે દિવસે સાંજના સમયે એકનાથ પોતાના ગુરુ જનાર્દન સ્વામીની પાસે પહોંચ્યા તો એમણે શું જોયું?

પોતાના ગુરુ શાંતિપૂર્વક ઉપાસનામાં મગ્ન બનીને બેઠા હતા, ત્યાં થોડા જ વખતમાં દત્તાત્રેય ભગવાન એમની આગળ પ્રગટ થયા.

દત્તાત્રેય ભગવાનના દર્શનથી એકનાથને અનેરો આનંદ મળ્યો.

એમની સાથે એક ગાય પણ હતી.

પોતાના હાથમાનું કમંડલ એમણે ગાયની નજીક મૂક્યું



તો તે દૂધથી આપોઆપ ભરાઈ ગયું.

દત્તાત્રેય ભગવાને એ દૂધનું પાન કર્યું. અને પ્રસાદ-તરીકે બીજું દૂધ જનાર્દન સ્વામીને આપ્યું.

પછી શેષ રહેલા દૂધનો આસ્વાદ લેવા માટે એકનાથને પણ પોતાની પાસે બોલાવ્યા.

એકનાથે અમૃતમય દૂધનો પ્રસાદ લીધો, એથી એમને પરમ શાંતિ મળી.

દત્તાત્રેય ભગવાને એના મસ્તક પર હાથ મૂક્યો તો એમને દિવ્ય દર્શનની પ્રાપ્તિ થઈ.

એમને દત્તાત્રેય ભગવાન, જનાર્દન સ્વામી અને પોતાની અંદર જે ભેદભાવ દેખાતો હતો તે ભેદભાવ દૂર થયો, ને ત્રણેમાં એક જ સ્વરૂપનું દર્શન થયું. ત્રણે જાણે અંદરથી તથા બહારથી એક જ હતા. કેટલું ધન્ય હતું એ દર્શન!

દત્ત ભગવાને એકનાથને અનેરો આશીર્વાદ આપ્યો.


અને એ પછી એ સસ્મિત ત્યાં ને ત્યાં જ અદૃશ્ય થઈ ગયા.

એકનાથના જીવનમાં એક અવનવા પ્રેરણા પ્રકરણનો પ્રારંભ થયો. એમને અલૌકિક શાંતિ તો મળી જ, પરંતુ એમની આખી દૃષ્ટિ જ ફરી ગઈ. જે ગુરુના પ્રતાપથી આવો અલૌકિક અનુભવ શક્ય બન્યો હતો તે સદ્‌ગુરુના અમુલખ અનુગ્રહને એ કેવી રીતે ભૂલી શકે? તુલસીદાસના શબ્દોમાં કહીએ તો એ ગુરુ એમને માટે કોઈ સામાન્ય કે અસામાન્ય માનવ નહોતા રહ્યા, કિન્તુ "કૃપાસિંધુ નરરૂપ હરિ" થઈ ચૂક્યા હતા. એ ગુરુને એમણે કૃતજ્ઞતાના ભાવથી ભરાઈને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં.

ગુરુ જનાર્દન સ્વામીએ એમને પ્રસન્નતાપૂર્વક આલિંગન આપ્યું ત્યારે એમના જેવો કૃતાર્થ ને સુખી આત્મા સંસારમાં બીજો કોઈ ન હતો.

# પદ્માસન

શ્રી મણિભાઈ શાહ




પદ્મ એટલે કમળ. આસનમાં પગની ચોકડી પડે છે તે કમળ નીચેનાં પાંદડાં અને તેની ઉપર ગોઠવાતી બે હાથની હથેળીઓ કમળ સૂચવે છે, તેથી આ આસનનું નામ પદ્માસન રાખવામાં આવ્યું–જેમ મુખકમળ, ચરણકમળ વગેરે શબ્દ



પ્રયોગમાં ચરણ કે મુખને કમળ સાથે સરખાવવામાં આવ્યાં છે, તેમ આ આસનને પદ્મ સાથે સરખાવી આવું સરસ નામ આપવામાં આવ્યું છે, પદ્માસન એ સર્વમાન્ય ધ્યાનનું આસન છે. ધ્યાન સિવાય પ્રાણાયામ, મંત્ર જાપ, વગેરેમાં પણ તેનો ઉપયોગ હોઈ યોગનું તે એક મહત્ત્વનું આસન છે.

આસનની રીતઃ—

(૧) બંને પગ લાંબા કરી અને પહોળા રાખી બેસો.

(૨) હવે જમણો પગ ગોઠણમાંથી વાળી ડાબા સાથળ પર જમણા પગની જમણી ઘૂંટી રહે તેમ અને તેની પાની પેટની લગોલગ રહે તેમ મૂકો. જુઓ ચિત્ર નં. ૧.

(૩) એવી જ રીતે ડાબો પગ વાળીને જમણા સાથળ ઉપર મૂકો. તેથી બંને પગની ચોકડી થશે. જુઓ ચિત્ર નં. ૨

(૪) હવે બંને પગની બંને પાની ઉપર બંને હાથની હથેળીઓ ચતી રાખી ઉપરાઉપર ગોઠવો. જુઓ ચિ. નં ૨

(૫) કરોડ સીધી ને ટટાર કરો, અર્થાત્ કરોડના સ્વાભાવિક વળાંકોમાં કરોડ સ્થિર અને ઉન્નત રાખો. જુઓ ચિત્ર નં. ૩

(૬) બંને આંખની દૃષ્ટિ નાકના ટેરવા પર સ્થિર કરો (જુઓ અંક બારમો 'નાસાગ્રદૃષ્ટિ) અથવા તો બંને આંખો બંધ રાખો, અથવા તો પહેલા થોડી એક નાસાગ્રદૃષ્ટિ કરી પછી આંખો બંધ કરી ધ્યાન કરો.

શ્વાસ સ્વાભાવિક રીતે ચાલવા દેવો. આટલું થાય એટલે પદ્માસન પૂરું થયું. અહીં ફક્ત નાસાગ્રદૃષ્ટિ સાથે અગર તો બંધ આંખે જ પદ્માસન બતાવ્યું છે પણ પદ્માસન જાલંધર-

બંધ મૂળબંધ અને નાસાગ્રદૃષ્ટિ સાથે પણ થઈ શકે છે, પણ બંધો વિષે હવે પછી જણાવીશું.

ફાયદા:-

(૧) બસ્તિપ્રદેશને વધારે લોહી મળતું હોવાથી કરોડની નીચેના ભાગના જ્ઞાનતંતુઓ સબળ અને નિરોગી બને.

(૨) દેહ–મનની ચંચળતા દૂર કરી દેહ–મનને સ્થિર અને શાંત કરે.

(૩) દેહ અને ચિત્તની વૃત્તિ સ્થિર થતાં દેહભાન પણ ઓછું થવા માંડે.

ખરું જોતાં દરેક આસન સિદ્ધ થયાનું લક્ષણ હોય છે. પણ આસનની રીત આવડી એટલે આસન સિદ્ધ થયું ન ગણાય. પગની આંટી મારી બેસતાં આવડે એટલે પદ્માસન આવડી ગયું એમ સામાન્ય રીતે સૌ માનતા હોય છે. અને ઘણાં પદ્માસનમાં ત્રણ ત્રણ કલાક બેસી પણ શકે છે. પણ તેથી આસન સિદ્ધ થયું ન ગણાય. આસનના હેતુના પ્રત્યક્ષ અનુભવ થાય ત્યારે આસન સિદ્ધ થયું ગણાય. પદ્માસન ધ્યાનનું આસન એટલે તે આસનના પરિણામે ચિત્તવૃત્તિ સ્થિર અને એકાગ્ર થાય, તેમ જ દેહભાન જતું રહે ત્યારે આસન આવડ્યું ગણાય.

સૂચના:-

(૧) હાથ, પગ કે કરોડમાં ક્યાંય અક્કડતા ન રહે અને સમગ્ર શરીરના અંગો સહજ રીતે સ્થિર અને શાંત રહે તેની કાળજી રાખવી. કરોડમાં તાણ પડે કે પગમાં ક્યાંય દબાણને લીધે દુખાવો થાય તો બધું ધ્યાન ત્યાં જ રહેશે. દેહના કોઈ અંગનું ભાન ન રહે તેમ સહેલાઈથી પદ્માસન થવું જોઈએ.



## પૂજું તમને આજ પ્રભાતે

યોગેશ્વર

પૂજું તમને આજ પ્રભાતે,
ધૂપ દીપ ને હારે,
રંગભર્યા ગંગાને ઘાટે,
સાઈનાથ સવારે...પૂજું.

અંતરમાં છે ઉમંગ ભારે,
વહાલ વહે છે સહસ્રધારે,
નસનસમાં છે જીવન–જાદુ,
છોડું સૂર સિતારે...પૂજું.

ભાવતણાં મધુરાં પુષ્પો છે,
ગૂંથું અંતરતારે,
કંઠમહીં તે હઉં ચઢાવી,
શોભા સુંદર ધારે...પૂજું.

નથી પ્રવીણ પૂજામાં કોઈ,
તો પણ દિલડું વારે,
પાગલ પ્રાણ કૃપાને તલસે,
આશ અન્ય ન મારે...પૂજું.

## ચરણોની અનુરાગી

રચયિતાઃ—પ્રભાવતીબહેન જ. પજવાણી ( ઠક્કર )

( રાગઃ–એક જ દે ચિનગારી મહાનલ )

ચરણોની અનુરાગી, ગુરુ ! તમ
ચરણોની અનુરાગી....( ૨ )
ચરણ કમળમાં દેખું ચતુર્ભુજ,
રોમ મારી રણકાવી રહ્યો તું જ,
નવ બંસી કોઈ વાગી.
ગુરુ ! તમ....ચરણોની

હરિ હરિ હૈયું પુકારે અમારું,
જ્યાં ત્યાં દર્શન થાય તમારું,
રગ રગ ચેતના જાગી.
ગુરુ ! તમ....ચરણોની

ચરણ કમળમાં રાખો હરદમ,
વાગી ઊઠી આ કો નવ સરગમ,
ઝબકી જિંદગી જાગી.
ગુરુ ! તમ....ચરણોની

ભવની વાટ હતી અન્ધારી,
એને ગુરુએ કરી ઉજીયારી,
'પ્રભા જ્યોતિ'ની ભ્રમણા ભાગી.
ગુરુ ! તમ....ચરણોની



## દર્શન દે

ડૉ. રણજીત પટેલ.
—અનામી.

તારા આ જગવૃંદાવનમાં વનમાળી ! તું જ દર્શન દે,
દૂર પડ્યો તારાથી, તારો, નિજનો સમજી પડખે લે.
વનમાળી !...

માયા તારી, છાયા તારી, માયા ટાળી, છાયા દે,
જીવન સ્વામી ! તુજને ભજવા કંચનવર્ણી કાયા દે.
વનમાળી !...

આ નભમંડળ વદન વિભુનું અવનિ-કાયા અંકે લે,
વાયુ શ્વાસોશ્વાસ પ્રભુનો સચરાચર આશ્લેષી રે,
વનમાળી !...

આ જીવનમાં કશી ન કાંક્ષા, આકાંક્ષા પ્રભુ પડખે રે,
તારા વિશ્વે, તારા કાર્યે, તારાને તુજ શક્તિ દે,
વનમાળી !...

# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વર

**પ્રશ્ન :** પ્રણવ મંત્ર વડે સાધના કરનાર સાધકને આપ માર્ગદર્શન આપી શકશો ?

**ઉત્તર :** જરૂર. એ મંત્ર વડે સાધના કરનાર સાધકે પ્રણવ મંત્ર શું છે, એ સૌ પ્રથમ સમજી લેવાની જરૂર છે.

પ્રણવ એ ૐકારનું બીજું નામ છે.

ઓમ્કારમાં અ, ઉ, અને મ્ એ ત્રણ અક્ષરોનો સમાવેશ કરવામાં આવેલ છે. એ શબ્દ પરમાત્માનો વાચક છે, એમ પતંજલિ મુનિએ યોગદર્શનમાં કહેલું છે. **तस्य वाचकः प्रणवः ।** તે ઈશ્વરનો વાચક (બોધક) ૐકાર છે. **तज्जपस्तदर्थभावनम् ।** તે પ્રણવનો જપ તથા તેના અર્થરૂપ ઈશ્વરનું ચિંતન કરવાથી ચિત્તની એકાગ્રતા (નિજ સ્વરૂપનો સાક્ષાત્કાર) યોગીને થાય છે.

વળી **एतदालंबनं श्रेष्ठमेतदालंबनं परम् । एतदालंबनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ।** (કઠો ૧, ૨, ૧૭) આ ૐકારનો આશ્રય લેવો શ્રેષ્ઠ છે, એનો આધાર સર્વોત્કૃષ્ટ છે અને એ ૐકારરૂપ આશ્રયને જાણી મનુષ્ય બ્રહ્મ- લોકમાં પુજાય છે. એ શ્રુતિમાં યમરાજાએ નચિકેતાને ૐકાર એ જ શ્રેષ્ઠ આલંબન છે એમ કહેલું છે.

પુષ્પદંતે રચેલા પોતાના મહિમ્નસ્તોત્રમાં પણ ૐકાર વિષે એવો જ ઉલ્લેખ કરેલો છેઃ ઓમ્કારની ત્રણ માત્રાઓ ત્રણ પ્રકારના લોકનો, ( ભૂર્લોક, ભૂવર્લોક અને સ્વર્લોક ), ત્રણ પ્રકાર-



ની અવસ્થાનો (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ), પ્રકૃતિના ત્રણ ગુણો ( સત્ત્વ, રજસ્ અને તમસ્ ), ત્રણ પ્રકારનાં શરીરનાં શરીરનો ( સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ ) તથા ત્રણ દેવોનો ( બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) નિર્દેશ કરે છે, અને ઓમ્કારનું બિંદુ એમનાથી-પર એવા પરમાત્માનો નિર્દેશ કરે છે, એમ પુષ્પદંતે કહેલું છે. પ્રશ્નોપનિષદ્‌માં પણ પિપ્લાદ ઋષિએ એવો જ અર્થ કરી બતાવ્યો છે. પરંતુ મારી દૃષ્ટિએ તો ઓમ્કારમાં ભારતીય તત્ત્વજ્ઞાન ને સાધનાનો અર્ક સમાઈ જાય છે.

હવે ઓમ્કારના અ, ઉ, અને મ્ ની પસંદગી શી રીતે થઈ તે જોઈએ.

આત્મદર્શન કરવાની ઈચ્છાવાળા ઋષિઓને સૌથી પહેલાં પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા થઈ, ત્યારે તેમને પ્રશ્ન થયો કે **कोऽहम् ।** એટલે કે હું કોણ છું ? અથવા તો મારું સાચું સ્વરૂપ શું ? એ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે એમણે ધ્યાન કર્યું, એમના અંતરમાં ડૂબકી મારી અને ચિંતન-મનનનો આધાર લીધો. એને પરિણામે વરસોની મહેનત પછી, એમને એમના સત્ય સ્વરૂપનો સાક્ષાતકાર થયો. એથી એમને અનુભૂતિ થઈ કે **सोऽहम्** એટલે કે આપણે પરમાત્મા સ્વરૂપ છીએ અથવા તો પરમાત્માંથી જુદા નથી. કોઈએ એમને પૂછ્યું કે પરમાત્મા કેવા ? તો તેમણે કહ્યું કે **सत्यं, शिवम् सुंदरम्** સત્ય, શિવસ્વરૂપ ને સુંદરતાના મૂળાધાર જેવા. વળી જ્ઞાનના અધિષ્ઠાતા, અનાદિ, અનંત અને પરમ પ્રેમની મૂર્તિ જેવા. સચ્ચિદાનંદસ્વરૂપ એવા પરમાત્માની સાથે એક્તાનો અનુભવ કરી ચૂકેલા ઋષિઓએ કહ્યું કે, અમારામાં અને એ પરમાત્મામાં મૂળભૂત રીતે જોતાં કોઈ ભેદ નથી. અમારી વચ્ચે અખંડ એવી એકતા છે. એ અનુભવની ઉચ્ચ-

તમ દશાએ પહોંચેલા ઋષિઓએ કહ્યું કે **अहम् ब्रह्मास्मि** । હું પરમાત્મા છું. **शिवोऽहम्** । હું શિવસ્વરૂપ છું.

સૂફી સંતોએ 'અનલહક' કહીને એ જ વાત તરફ અંગુલિનિર્દેશ કરેલો છે, એટલે **सोऽहम** શબ્દમાં ભારતીય યોગી, મુનિ, જ્ઞાની કે તત્ત્વજ્ઞાનીઓની સાધનાનું સરવૈયું આવી જાય છે. એ શબ્દમાં ભારતીય ધર્મ, તત્ત્વજ્ઞાન, કે સાધનાનો, વરસોનાં ચિંતન, મનન ને તપને પરિણામે પ્રાપ્ત થયેલો નિષ્કર્ષ આવી જાય છે.

હવે **सोऽहम** શબ્દ, બીજી રીતે જોઈએ તો અજપા ગાયત્રીના અવયવરૂપ '**हं**' અને **सः** એ બે અક્ષરોના એકાકારપણાને પરિણામે બનેલો છે.

આપણાં ફેફસામાં આપણે **ह**કારથી શ્વાસ બહાર કાઢીએ છીએ અને **स**કારથી અંદર લઈએ છીએ. આમ **हंस**ની ગતિ આપણા શરીરમાં ચાલ્યાં જ કરે છે. પરંતુ ગુરુમુખથી તેનું વિધાન જાણી, સાધક જ્યારે સુષુમ્ણા નાડીમાં આ **हंस-हंस** મંત્રને ઉલટાવી દે છે, ત્યારે તેનો **सोहम्-सोहम्** જપ થાય છે. આ **सोहम** માંથી આગળનો **स** કાઢી નાંખો ને છેલ્લો **म** રહેવા દઈ ને વચલો **ह** કાઢી નાંખો, તે ફક્ત ઓમ્ બાકી રહેશે. એટલે ઓમ્ એ **सोहम** નું ટૂંકુ રૂપ છે. આમ ૐ કારમાં અનેક અર્થોનો સુંદર સમન્વય તમોને જોવા મળે છે. એટલે જ મેં કહ્યું કે ઓમ્કારમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને સાધનાનો અર્ક આવી જાય છે એથી ૐકારનો આ રીતે વિચાર કરવાથી ખૂબ જ લાભ થાય છે, એમ મારું માનવું છે.



હવે આપણે ૐ કારના જપ કેવી રીતે કરવા તે વિચારીએઃ

સામાન્ય રીતે ગુરુએ કહ્યા પ્રમાણે તે કરવા. જો કોઈ ગુરુ કર્યા જ ના હોય ને પોતાની મેળે જ કરવાની ઇચ્છા હોય, તો પદ્માસન જેવા કોઈ આસનમાં કે સુખાસનમાં બેસીને, આંખ બંધ કરીને, હૃદય અથવા ભ્રૂમધ્ય એમાંથી કોઈ પણ એક સ્થાનમાં દૃષ્ટિ સ્થિર કરવી, ને માળાની મદદથી કે માળા વગર મનોમન ઓમકારનો ઉચ્ચાર કરતા રહેવું. સાથે સાથે, હું આનંદ સ્વરૂપ છું, શાંતિ સ્વરૂપ છું, જ્ઞાન સ્વરૂપ છું, શુદ્ધ છું, બુદ્ધ છું, એવી ભાવના કરવી.

એ સ્વરૂપની ભાવના કરવાથી, એના અનુભવ માટેની ઇચ્છા થાય છે, ને છેવટે એક ધન્ય દિવસે એનો અનુભવ પણ થઈ જાય છે.

ભાવનાનું સ્થાન જીવનમાં ઘણું મોટું છે. ભાવનાની શક્તિ ઘણી પ્રબળ છે. ભાવના પ્રમાણે જીવનમાં વધારે કે ઓછો વિકાસ થઈ શકે છે. જેનામાં ભાવના જ નથી, તે એ ભાવનાની દિશામાં વિકાસ કેવી રીતે કરી શકે ? માટે ભાવના કરવાથી શો લાભ, એવી શંકા કરવાની જરૂર નથી. સારી ભાવનાઓ જીવનમાં હંમેશા ઉપયોગી થઈ પડે છે. આજે જે ભાવના છે, તે કાલે જીવન બને છે.

ૐ કારના જપનું ફળ, સાધકની ભાવના પ્રમાણે આત્મદર્શન અથવા પરમાત્મપ્રાપ્તિ કે દુન્યવી ફળ જોઈતાં હોય તો વત્તા ઓછા પ્રમાણમાં, તે મળી શકે છે. ઓમકાર કલ્પવૃક્ષ સમાન છે, તેની નીચે બેસી જેવી જાતની ઇચ્છાઓ કરશો, તેવી ફળીભૂત થાય છે.

ॐकारं बिन्दुसंयुक्तं नित्य ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

બિન્દુ સાથેના ઓમકારનું જે દરરોજ ધ્યાન કરે છે, તે યોગીની બધી જ કામનાઓ પૂરી થઈને તેને મુક્તિ મળે છે. એ ઓમકારને હું નમસ્કાર કરું છું.

ઓમકારથી બીજી લૌકિક કામનાઓની પૂર્તિ થતી હોવા છતાં એનો આધાર મુખ્યત્વે તો આત્મદર્શન કે પરમાત્મ-પ્રાપ્તિ માટે જ લેવાય તે વધારે સારું છે.

કોઈપણ અવસ્થામાં મનને વ્યથિત કે વ્યગ્ર થવા ન દો. હંમેશા યાદ રાખો કે પરમાત્માને ત્યાં કદી પણ ભૂલ થતી નથી, અને એનું કોઈપણ કાર્ય એની કરૂણા વગરનું નથી હોતું.



# "તન બેઠું પણ મન નવ બેઠું."

'સત્સંગી"

ગુરૂનાનક એટલે હિંદુ મુસ્લિમ એકતાના પુરસ્કર્તા. એમના જીવનનો એક ખૂબ પ્રેરક પ્રસંગ છે, જેમાં એમની લોકોત્તર શક્તિનું દર્શન યથાર્થપણે થાય છે.

ગુરુનાનકની હિંદુ-મુસલમાનની એકતાની વાતોથી કેટલાક મુસલમાનો નારાજ હતા. તેઓ તેમની આ વાતોને ઢોંગ માનતા. એથી એમનામાંના કેટલાકે ત્યાંના નવાબના કાન ભંભેર્યા; કે નાનક જે એકતાની વાતો કરે છે, તે ઢોંગ માત્ર છે. જો એ પોતે, ખરેખર બન્નેની એકતામાં માનતો હોય તો મસ્જિદમાં આવીને નમાઝ પઢે."

નવાબને પણ થયું કે સાચી વાત શું છે તે જાણવું જોઈએ. તેઓ નાનકને મળ્યા, ને કહ્યું કે "જો તમે ખરેખર હિંદુ-મુસલમાનોની એકતામાં માનતા હો તો અમારી સાથે મસ્જિદ-માં આવી નમાઝ પઢો."

નાનકે તેમ કરવાની તુરત જ હા પાડી. પરંતુ એક શરત કરી કે તેઓની સાથે નવાબે પણ નમાઝ પઢવી. નવાબ તો તુર્ત જ સંમત થઈ ગયા.

હિંદુઓએ જ્યારે આ વાત જાણી, ત્યારે કેટલાક કટ્ટર હિંદુઓ જેઓ ગુરુ નાનકનો હિંદુ સંત ગણીને, તેમના પ્રત્યે આદર રાખતા હતા, તેમને ભારે આઘાત લાગ્યો. તેમને થયું કે નાનકે આ શું કર્યું ? શું એ મસ્જિદમાં જઈ મુસલ-

માનોની વચ્ચે નમાઝ પઢશે ? તો વળી કેટલાક હિંદુ-મુસલમાનોને કુતૂહલ હતું કે ચાલો જોઈએ, નાનક કેવી નમાઝ પઢે છે ?

નમાઝના દિવસે મસ્જિદમાં ભારે ઠઠ જામી. નવાબ સાહેબની જોડે જ નાનકની બેઠક હતી. મૌલવીએ બાંગ પોકારતા બધા જ એક સાથે નમાઝ પઢવા લાગ્યા. પરંતુ નવાબે, નમાઝ પઢતાં પઢતાં આડું જોયું, તો નાનક તો નમાઝ પઢવાને બદલે એમ જ ઊભા છે. એમને થયું નાનક તો નમાઝ પઢ્યા વગર જ ઊભો છે. શરત પ્રમાણે હું તો નમાઝ પઢી રહ્યો છું, ત્યારે એણે પોતાના વચનનું પાલન કર્યું નહિ. એટલે પોતાની નમાઝ ઝટપટ પૂરી કરીને તેઓ ગુરુ નાનક પાસે આવ્યા ને કંઈક ગુસ્સાથી બોલ્યા, “ તમે નમાઝ કેમ ન પઢી ? તમે તો મને વચન આપેલું. ”

નાનકે ખૂબ શાન્તિથી જવાબ આપ્યો, ‘ અરે, તમે પણ શરત પ્રમાણે નમ ઝ ક્યાં પઢી છે ?

નવાબે કંઈક આશ્ચર્ય સાથે મૌલવીને બોલાવી કહ્યું, “ જુઓ મૌલવી, મેં નમાઝ પઢી છે કે નહિ. આટલા બધા માણસોની સાક્ષીમાં મેં નમાઝ પઢી છે, છતાં આ નાનક કહે છે, મેં નમાઝ પઢી નથી. ’

નાનકે કહ્યું “ નવાબ સાહેબ, હું જોઈ રહ્યો હતો કે આપ નમાઝ પઢો એટલે હું પઢું, પરંતુ આપે તે પઢી નહિ, એટલે હું ઊભો જ રહ્યો. ’

નવાબે કંઈ આશ્ચર્ય સાથે ગુસ્સામાં કહ્યું, “ તો હું અહીં શું કરી રહ્યો હતો ? આટલા બધા લોકો તો તેની સાક્ષી છે. ”



નાનકે નવાબ સામે જોઈને કહ્યું, “ આ બધા લોકો તો આપના શરીરને જોઈ રહ્યા હતા. પરંતુ આપના મનમાં શું ચાલી રહ્યું હતું, તેની એમને ક્યાં ખબર છે ? આપનું શરીર નમાઝ પઢવામાં ઊંચું નીચું થતું હતું, પરંતુ આપનું મન તો કંદહારમાં ઘોડાની ખરીદી કરી રહ્યું હતું, નહિ વારું !”

નવાબ તો આ વાત સાંભળી આભા જ બની ગયા ! નાનકે એમના મનની વાત શી રીતે જાણી લીધી ? એમનો ઘોડો મરી ગયો હતો, નમાઝ પઢતી વખતે કાબુલ કે કંદહાર જઈ કેવો ઘોડો ખરીદવો એના વિચારો જ તે વખતે એમના મનમાં ચાલી રહ્યા હતા. એટલે નાનકે જે કહ્યું તે ખરેખર સત્ય જ હતું.

નવાબે નાનક સાહેબની ક્ષમા માગી.

શરીરથી આપણે મંદિરમાં હાજર હોઈએ, પરંતુ મનથી ન પણ હોઈએ પૂજા કરવા આપણું તન બેઠું હોય, પણ મન બીજે જ હોય, એવુંય ઘણીવાર બને. એથી મનને ક્રિયા સાથે જોડ્યા સિવાય, ક્રિયાનું ફળ ક્યાંથી મળે ?

## શ્રી યોગેશ્વરજીનો કાર્યક્રમ

પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો મોરબીના જડેશ્વર મહાદેવના પટાંગણમાં તા. ૧-૨-૮૧ થી ૧૫-૨-૮૧ સુધી યોજાયાં હતાં. તે પછી રાજકોટમાં રાષ્ટ્રીયશાળામાં તા. ૨૦-૨-૮૧ થી ૧-૩-૮૧ સુધી યોજાયાં. વિષય હતો ‘ ગાંધીજી અને કર્મયોગ ’. હવે તા. ૧૦-૩-૮૧ થી ૨૦-૩-૮૧ સુધી સુરેન્દ્રનગરમાં પ્રવચનો યોજાશે.

# ગુરુનું સ્વરૂપ

અશોક યાજ્ઞિક

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः
गुरुसाक्षात परब्रह्म तस्मै श्री गुरवे नमः

આપણે સહુ આપણી રોજની પ્રાર્થનાના પ્રારંભમાં આ શ્લોક બોલીએ છીએ અને તેનો સીધો સાદો શબ્દાર્થ એવો સમજીએ છીએ કે ગુરુ એ બ્રહ્મા, વિષ્ણુ ને મહાદેવ સ્વરૂપ છે. વળી તેઓ સાક્ષાત્ પરબ્રહ્મનું સાકાર સ્વરૂપ હોઈ એવા ગુરુને નમસ્કાર હો.

પરંતુ આ શબ્દાર્થ ઉપરાંત એનો બીજો ગૂઢ અને મહત્ત્વનો અર્થ પણ છે. શિષ્યના હૃદયમાં સારા સુંદર ને ઉચ્ચ સાત્ત્વિક ભાવોને નિર્માણનું કામ ગુરુ સૌ પ્રથમ કરે છે. બ્રહ્માજી જે સ્થૂળ સ્વરૂપે સૃષ્ટિ નિર્માણનું કામ કરે છે, તેને બદલે ગુરુ શિષ્યના હૃદયમાં ઉચ્ચત્તમ પવિત્ર સૂક્ષ્મ ભાવોનું નિર્માણ કરે છે.

એ જ રીતે, ભગવાન વિષ્ણુ એ સૃષ્ટિના પાલનનું કાર્ય સંભાળતા દેવ ગણાય છે, જ્યારે ગુરુ પોતાના શિષ્યના હૃદયમાં નિર્માણ કરેલ ઉચ્ચ સાત્ત્વિકભાવોને પોષવાનું કામ પણ કરે છે– એટલે એ દૃષ્ટિએ તેઓ શિષ્યને માટે વિષ્ણુની ગરજ સારે છે.

આમ ઉચ્ચ સાત્ત્વિક ભાવોના નિર્માણ અને પોષણ પછી સાધક કે શિષ્યના હૃદયમાં રહેલ કુત્સિત ખરાબ કે આસુરી



ભાવોના નાશની કપરી ફરજ પણ ગુરુ મહેશ્વર બનીને બજાવે છે. જે કામ સ્થૂલ સૃષ્ટિમાં ભગવાન શંકર સંભાળે છે, એમ માનીએ છીએ. આ ઉપરથી જોઈ શકાશે કે શિષ્યના સર્વતોમુખી ઉત્કર્ષ માટે ગુરુ જ્યારે જેની જરૂર હોય ત્યારે તેની જરૂરત પ્રમાણે ત્રણે મૂળ દેવોની ફરજ મૂકપણે બજાવતા હોય છે.

પરંતુ આ ઉપરાંત પણ ગુરુ કંઈક વિશેષ છે. શ્લોકમાં તેઓને સાક્ષાત પરબ્રહ્મ કહ્યા છે. એમ કહેવા પાછળ ઉત્તમ રહસ્ય રહેલું છે.

આપણાં શાસ્ત્રો કહે છે કે **ब्रह्मविद् ब्रह्मैव भवति ।** બ્રહ્મને જાણનાર પોતે જાતે બ્રહ્મ બની જાય છે એટલે જે પરબ્રહ્મ સૂક્ષ્મરૂપે સમગ્ર વિશ્વમાં વ્યાપેલા છે, તેનું સાક્ષાત્ સ્વરૂપ શિષ્યને માટે ગુરુ પોતે જ છે. કારણ કે જે સૂક્ષ્મ પરબ્રહ્મ છે, તેનો અનુભવ કરીને જ ગુરુ પોતે પરબ્રહ્મપણાને પામ્યા હોય છે. એટલે શિષ્યને મન ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ જ છે.

આમ હિંદુ ધર્મશાસ્ત્રોએ એક નાના સરખા શ્લોકમાં ગુરુનો કેટલો મોટો મહિમા ગાયો છે, તેનું દર્શન તો આપણે આ પ્રમાણે ઉંડાણથી વિચારીએ તો જ થાય છે.

આથી જ સંત કબીરજીએ ગાયું છે કેઃ

**गुरु गोविंद दोनो खडे किसकु लागू पाय ।**
**बलिहारी गुरुदेवकी गोविंद दियो बताई ॥**

આમાં ગુરુની કૃપા વડે જ ગોવિંદની પ્રાપ્તિ થઈ શકે છે, એ વાત જ કબીરજીએ કરી છે.

# द्वादशपञ्जरिकास्तोत्रम्

ઈશ્વરભાઈ પટેલ

मूढ जहीहि धनागमतृष्णां कुरु सद्बुद्धिं मनसि वितृष्णाम् ।
यल्लभसे निजकर्मोपात्तं वित्तं तेन विनोदय चित्तम् ॥ १ ॥
भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते ॥ ध्रुवपदम्

૧

હે મૂઢ, ધનતૃષ્ણા દે ત્યાગી, કર સદ્બુદ્ધિ, મન વિરાગી.
જે મળતું તે કર્મ પ્રમાણ, સમજી હરખી મન સુખમાણ !
ભજ ગોવિન્દં, ભજ ગોવિન્દં, ગોવિન્દં ભજ મૂઢમતે ! (ધ્રુવપદ)

अर्थमनर्थं भावय नित्यं नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः सर्वत्रैषा विहिता नीतिः ॥ २

૨

અર્થ અનર્થ કરાવે નિત્ય, સુખ તેમાં નહિ લેશે સત્ય !
પુત્રોથી ય પિતાને ભીતિ, ધનને કારણે એવી નીતિ !–ભજ૦

का ते कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं कः कुत आयातस्तत्त्वं चिन्तय यदिदं भ्रातः ॥ ३

૩

સ્ત્રી કોણ તારી ? કોણ રે પુત્ર ? સંસાર આ તો ખૂબ વિચિત્ર !
તત્ત્વ વિચારી લેને તેથી 'કોણ તું" 'કોનો' 'આવ્યો ક્યાંથી' ? ભજ૦

मा कुरु जनधनयौवनगर्वं हरति निमेषात्कालः सर्वम् ।
मायामयमिदमखिलं हित्वा ब्रह्मपदं त्वं प्रविश विदित्वा ॥ ४

૪

ધન, યૌવનનો ના કર ગર્વ, કાળથી થાતું નષ્ટ એ સર્વ,
માયા ખેલ સમજી એ છોડ, પ્રભુ સંગાથે પ્રીતિ જોડ ! ભજ૦



कामं क्रोधं मोहं लोभं त्यक्त्वात्मानं भावय कोऽहम् ।
आत्मज्ञानविहिना मूढास्ते पच्यन्ते नरकनिगूढाः ॥ ५

૫

કામ, ક્રોધ, લોભ, મોહને ત્યાગી, 'હું કોણ' એમ વિચાર તું જાગી !
મૂરખ, આતમજ્ઞાન વિહિન નરકે તપતા દુઃખમાં લીન ! ભજ૦

सुरमंदिरतरुमूलनिवासः शय्या भूतलमजिनं वासः ।
सर्वपरिग्रहभोगत्यागः कस्य सुखं न करोति विरागः ॥ ६

૬

દેવમંદિરે તરુ તલ ડેરા, ભૂશય્યા પર વેષ અનેરા,
નહિ સંગ્રહ, ત્યાં ભોગનો ત્યાગ, કોને સુખ આપે ન વિરાગ? ભજ૦

शत्रौ मित्रे पुत्रे बन्धौ मा कुरु यत्नं विग्रहसन्धौ ।
भव समचित्तः सर्वत्र त्वं वाञ्छस्यचिराद्यदि विष्णुत्वम् ॥ ७

૭

શત્રુ, મિત્રે, બંધુ, પુત્રે, સમભાવ કેળવશે સર્વત્રે,
વિગ્રહ સંધિથી જો મુક્ત તો વિષ્ણુત્વ થાશે પ્રાપ્ત ! ભજ૦

त्वयि मयि चान्यत्रैको विष्णुः व्यर्थं कुप्यसि सर्वसहिष्णुः ।
सर्वस्मिन्नपि पश्यात्मानं सर्वत्रोत्सृज भेदाज्ञानम् ॥ ८

૮

તુજમાં, મુજમાં, સર્વ સ્થળોમાં, વ્યાપક એક જ તત્ત્વરૂપોમાં,
કોપ ન વ્યર્થ કર થા સહિષ્ણુ, ભેદ ભૂલી લે નિરખી વિષ્ણુ ! ભજ૦

प्राणायामं प्रत्याहारं नित्यानित्यविवेकविचारम् ।
जाप्यसमेतसमाधिविधानं कुर्ववधानं महदवधानम् ॥ ९

૯

પ્રાણાયામ ને પ્રત્યાહાર, નિત્યાનિત્યનો કરી વિચાર,
જપની સાથે કરવું ધ્યાન, એવો નિશ્ચય સાચે મહાન ! ભજ૦

नलिनीदलगतसलिलं तरलं तद्वज्जीवितमतिशयचपलम् ।
विद्धि व्याध्यभिमानग्रस्तं लोकं शोकहतं च समस्तम् ॥ १०

૧૦

કમળપત્ર પર બિંદુ સમું, આ જીવન છે ચંચળ ઘણું,
સમજી તે વ્યાધિ, મદગ્રસ્ત, શોકાકુલ સંસાર સમસ્ત ! ભજ૦

का तेऽष्टादशदेशे चिन्ता वातुल तव किं नाऽस्ति नियन्ता ।
यस्त्वां हस्ते सुदृढनिबद्धं बोधयति प्रभवादिविरुद्धम् ॥ ११

૧૧

બેઉ હાથો કસ બાંધી તારા, સ્વરૂપને ઓળખાવે પ્યારા,
એવો તારો નથી શું નિયંતા ? કે અઢારે સ્થળની કરે તું ચિંતા ? ભજ૦

गुरुचरणाम्बुजनिर्भरभक्तः संसाराद्चिराद्भव मुक्तः ।
सेन्द्रियमानसनियमादेवं द्रक्ष्यसि निजहृदयस्थं देवम् ॥ १२

૧૨

ગુરૂ ચરણામ્બુજનો થા ભક્ત, તત્કાળ સંસારથી થઈ મુક્ત,
મન-ઇન્દ્રિયનો નિગ્રહ થાશે, નિજ હૈયે તો દેવ દેખાશે ! ભજ૦

द्वादशपञ्जरिकामय एषः शिष्याणां कथितो ह्युपदेशः ।
येषां चित्ते नैव विवेकस्ते पच्यन्ते नरकमनेकम् ॥ १३

૧૩

દેવા શિષ્યોને બોધસાર, કહ્યા પંજરિકા સ્તોત્રો બાર,
જે હૈયું છે વિવેકવિહીન, ભોગવે દુઃખો નરકે લીન ! ભજગોવિં૦

શ્રી શંકરાચાર્યકૃત દ્વાદશપંજરિકા સ્તોત્ર સંપૂર્ણ



# ઉપદેશસારમ્

શ્રી. રમણ મહર્ષિ

( હિમાલયના એક યુવા જ્ઞાની સંત બ્રહ્મચારી શ્રી પ્રેમચૈતન્યજીએ સદ્વિચાર પરિવાર અમદાવાદના ઉપક્રમે, ગયા માસમાં પહેલા રવીવારથી બીજા રવીવાર સુધી, સવારના યશોનાથ સત્સંગ મંડળમાં, અને રાત્રે શિશુવિહારમાં એમ, બે જ્ઞાનસત્રોનો લાભ ભાવનગરને આપેલ. એમણે, શિશુવિહારમાં ભગવાન રમણ મહર્ષિ–જેમનું આ શતાબ્દી વર્ષ છે, તેના ‘ઉપદેશસારમ્‘ ઉપર પ્રવચનો આપેલાં. એ ‘ઉપદેશસારમ્’ની મૂળ ૩૦ બોધકણિકાઓનો ગુજરાતી અનુવાદ અહીં આપ્યો છે. )

મનુષ્ય જેવું કર્મ કરે એવું જ ફળ તેને મળે એમ પરમાત્માએ જ નિર્માણ કર્યું છે. કર્મ પોતે તો જડ હોવાથી પરમ તત્ત્વ નથી. (૧)

કર્મના ફળ તો નશ્વર છે અને આધ્યાત્મિક પ્રગતિને રોકવાવાળાં છે. કારણકે કર્મના બીજોમાંથી અંકુરો ફૂટે છે અને કર્મના કર્તાને ભવસાગરમાં પાછો ધકેલી દે છે. (૨)

પરંતુ ફળની અપેક્ષા રાખ્યા વગર અને ઈશ્વરને અર્પણ કરેલા કર્મોથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને તે મુક્તિનું સાધન બને છે. (૩)

શરીરથી ઈશ્વરની પૂજા. વાચાથી તેના નામનો જપ અને મનથી તેનું ધ્યાન–તે અનુક્રમે એક બીજાની ચઢિયાતાં છે. (૪)

આ જગતને ઈશ્વરનું અષ્ટ મૂર્તિમય ( આકાશ, વાયુ,

અગ્નિ, જલ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને જીવાત્મા) સ્વરૂપ માનીને જગતની સેવા કરીએ તો તે ઈશ્વરની જ ઉત્કૃષ્ટ સેવા ગણાશે. (૫)

સ્તુતિ કરતાં મોટે અવાજે કરેલો જપ ચઢિયાતો છે. પરંતુ તે ધીમે ધીમે મંદ પડીને અંતઃકરણમાં અવાજનો સંપૂર્ણ લય થાય છતાં મૌન જપ ચાલુ રહે, તે ધ્યાન ઉત્તમ છે. (૬)

અવારનવાર ખલેલ પડે તેવા ધ્યાન કરતાં તેલની ધાર અગર તો સતત વહેતી નદીના પ્રવાહની જેમ અખંડ ધ્યાન થાય તે વધારે સારું છે (૭)

જીવાત્મા અને પરમાત્મા જુદા છે એવી ભાવના સેવવા કરતાં જીવાત્મા અને પરમાત્મા એક જ છે એવી ભાવના વધારે પવિત્ર છે. (૮)

મન જ્યારે સંકલ્પ-વિકલ્પ રહિત થઈને પરમાત્મામાં સ્થિર થાય અને પરમાત્મા સાથે તાદાત્મ્ય સિદ્ધ થાય ત્યારે તે ઉત્તમ ભક્તિ કહેવાય. (૯)

હૃદય-આકાશમાં રહેલા આત્મતત્ત્વમાં મન સ્થિર થાય એમાં જ કર્મ, ભક્તિયોગ અને જ્ઞાન સમાઈ જાય એ નિશ્ચિત છે. (૧૦)

જેવી રીતે જાળથી પક્ષીઓ પકડી શકાય છે તેવી જ રીતે પ્રાણાયામથી મનને સ્થિર કરી શકાય છે. (૧૧)

ચિત્ત અથવા જ્ઞાનશક્તિ અને પ્રાણવાયુ અથવા ક્રિયા-શક્તિ એ બંને એક જ મૂળશક્તિની અથવા પરમાત્મ શક્તિની બે ડાળો છે. (૧૨)

સમાધિ બે પ્રકારની છે–એકમાં મનનો લય થાય છે, બીજામાં નાશ થાય છે. પ્રાણાયામથી મનનો લય થાય છે, પરન્તુ ( પ્રાણાયામ છૂટી ગયા પછી ) પાછો તેનો ઉદ્ભવ થાય



છે. પરંતુ મનની વૃત્તિના નિરોધથી મનનો સમૂળગો નાશ થાય છે. ( ૧૩ )

પ્રાણાયામથી મનનો લય થાય છે પરન્તુ ત્યાર પછી એક જ વસ્તુ ઉપર ધ્યાનસ્થ થવાથી મનનો નાશ થાય છે. ( ૧૪ )

જેના મનનો નાશ થયો છે તે સૌથી ઉત્તમ યોગી છે. અને એને કોઈપણ કર્મ કરવાનું રહેતું નથી. કારણકે તે પોતાના બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થઈ ગયો છે. ( ૧૫ )

જ્યારે દુન્યવી વિષયોમાંથી ચિત્ત ઉપરામ પામે અને અંતર્મુખ થાય ત્યારે પોતાના સ્વ-સ્વરૂપનું દર્શન થાય તે જ ખરું, આત્મજ્ઞાન છે. ( ૧૬ )

મનના સ્વરૂપ ઉપર સતત વિચાર અથવા મનન કરવાથી સમજાશે કે મન જેવી કોઈ વસ્તુ જ નથી. આ જ સૌથી સહેલો અને સીધો માર્ગ છે. ( ૧૭ )

સંકલ્પ–વિકલ્પ આદિ સર્વે વૃત્તિઓનો મૂલ આધાર એક માત્ર અહંવૃત્તિ ઉપર જ છે. એટલે વૃત્તિઓ જ મન છે અને મન એટલે ' અહમ્ વૃત્તિ. ' ( ૧૮ )

અહંકાર શેમાંથી જન્મે છે તેનો વિચાર કરતાં જ અહં-કારના નાશ થાય છે. આ જ સાચુ આત્મજ્ઞાન છે. ( ૧૯ )

જ્યારે અલ્પ અને અશુદ્ધ અહંનો નાશ થાય છે ત્યારે આત્માના શુદ્ધ અને પૂર્ણ સ્વરૂપનું હૃદયમાં સ્ફૂરણ થાય છે અને તે જ પરમાત્મા છે. ( ૨૦ )

શુદ્ધ અને પૂર્ણ ' અહમ્ ' સ્વરૂપનો સાચો મર્મ આ જ છે. કારણકે ગાઢ નિદ્રામાં જ્યારે અલ્પ અને અશુદ્ધ અહં-કારનું અસ્તિત્વ નથી હોતું ત્યારે પણ શુદ્ધ અને પૂર્ણ ' અહમ્ ' નું અસ્તિત્વ હોય જ છે. ( ૨૧ )

દેહ ઇન્દ્રિયો, પ્રાણ, મન અને અવિદ્યા એ સર્વે તો જડ અને મિથ્યા છે. જ્યારે શુદ્ધ અને પૂર્ણ અહમ્ તો એક અને અદ્વિતીય સત્ સ્વરૂપ છે. (૨૨)

આપણું અસ્તિત્વ અનુભવવા માટે બીજી કોઈપણ શક્તિ નથી. એટલે આપણા અસ્તિત્વનો આપણો નિઃસંશય અનુભવ તે જ આપણી ચિદ્દરૂપતા છે. (૨૩)

જીવાત્મા અને પરમાત્મા વસ્તુતઃ સચ્ચિદાનંદ સ્વરૂપ જ છે, માત્ર જીવ ઉપાધિ સહિત હોવાથી અલ્પજ્ઞ છે; જ્યારે પરમાત્મા ઉપાધિ-રહિત હોવાથી એક અને અદ્વિતીય છે. (૨૪)

જીવાત્મા પોતાના ઉપાધિ રહિત સચ્ચિદાનંદ સ્વરૂપનો અનુભવ કરે, તે જ આત્મ સાક્ષાત્કાર છે. (૨૫)

આત્મા સિવાય બીજા કશાનું વાસ્તવિક અસ્તિત્વ નથી જ, એવા અનુભવની દૃઢતા તે જ દ્વૈતનો અભાવ. આત્મામાં દૃઢ સ્થિતિ એ જ તન્મય નિષ્ઠા અથવા આત્મજ્ઞાન. (૨૬)

ચૈતન્ય વૃત્તિ જ્ઞાન તેમજ અજ્ઞાનથી પર અથવા વિલક્ષણ છે. કારણકે જ્યાં દ્વૈત નથી ત્યાં જ્ઞેય પદાર્થ નથી. જ્ઞેય નથી તો આત્માને જ્ઞાતા પણ ન કહી શકાય. (૨૭)

જ્યારે જીવાત્માને સ્વ-સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે તે સચ્ચિદાનંદ સ્વરૂપ જ બની રહે છે, જે વિકાર રહિત છે અને જેને આદિ કે અંત નથી. (૨૮)

બંધન અને મુક્તિના ખ્યાલથી પર એવી સચ્ચિદાનંદ સ્વ-સ્વરૂપ સ્થિતિમાં રહેવું એ જ પરમાત્માની ઉત્કૃષ્ટ સેવા છે. (૨૯)

દેહાદિમાં અહંકાર રહિત પોતાના સ્વ-સ્વરૂપને ઓળખવું એ જ મહાજ્ઞાનમય તપ છે. એ જ ભગવાન શ્રી રમણ મહર્ષિનો ઉપદેશ છે. (૩૦)



# પૂજ્યશ્રીની દિવ્ય દૃષ્ટિ

**વિનુભાઈ છ. અમીન**

પૂ. શ્રી યોગેશ્વરજી તથા પૂ મા સર્વેશ્વરી સાથે પૂ. માતાજી જ્યોતિર્મયીનાં અસ્થિવિસર્જનની યાત્રામાં સહભાગી થવાનો અમૂલ્ય અવસર મને પ્રાપ્ત થયો. મારી સાથે રાજકોટના શ્રી શાન્તિભાઈ કનેરિયા, મોરબીના શ્રી હરિભાઈ ભોજાણી. શ્રી ગોરધનભાઈ કલોલા, અમદાવાદ નિવાસી શ્રી બાબુભાઈ વોરા, વ્યારા--સૂરતના શ્રી મોહનભાઈ ભક્ત અને વડોદરા નિવાસી શ્રી રાજેન્દ્રભાઈ પુરોહિત હતા.

તા. ૨૮-૧૦-૮૦ ના દિને વડોદરાથી નીકળી શામળાજી ઉદેપુર, પુષ્કર, અજમેર, જયપુર, મથુરા, વૃંદાવન, દિલ્હી, હરદ્વાર, ઋષિકેશ, દેવપ્રયાગ, દહેરાદુન, મસૂરી વગેરે પવિત્ર ધામોની યાત્રા કરી. હરદ્વારથી લખનૌના રસ્તે અયોધ્યા, અલ્હાબાદ, ચિત્રકૂટ, બનારસ, બુદ્ધગયા, ગયાજી, કલકત્તા, કામાર પુકુર, જયરામવાટી, નાગપુર, ઉજ્જૈન, ૐકારેશ્વરથી ગોધરા થઈ વડોદરા પરત આવ્યા. ૩૧ દિવસની યાત્રા લગભગ ૭૦૦૦ કિલોમીટરની બે ફિયાટ કારમાં કરવાનો અમૂલ્ય લાભ મારા જેવા અલ્પ જીવને મળ્યો. આ સમગ્ર યાત્રાના સમય દરમિયાન ત્રણેક પ્રસંગો મારી અલ્પ મતિઅનુસાર આલેખું છું.

( ૧ ) યાત્રાનો ચતુર્થદિન : જયપુરમાં બપોરના ફરતા હતા. રાજમહેલ, જંતરમંતર, રાણીઓની છત્રીઓ વગેરે ઝડપથી નિહાળ્યાં. પૂ. શ્રીના અગ્રગણ્ય અને અનન્ય ભક્તો સાથેની યાત્રામાં હું તો નવો નિશાળિયો હતો. માર્ગમાં

અમારી સાથે ભોમિયો હતો. ચામડાની વસ્તુઓ બનાવનારી દુકાનો, એમ્પોરિયમ વગેરે સ્થળ બતાવવાની તેમ જ ખરીદી કરાવવાની તેની ઇચ્છા હતી. મારા મનમાં પણ મારાં બન્ને બાળકો માટે મોજડી ખરીદવાની ઇચ્છા હતી. પરંતુ બીજા ભક્તોને ખરીદીમાં રસ ન હતો. અને યાત્રામાં વ્યર્થ સમય ન બગાડતાં ઝડપથી આગળ યાત્રા કરી મથુરા, હરદ્વાર જવાની ઉતાવળ હતી. મનોમન મેં પૂ. શ્રીને પ્રાર્થના કરવા માંડી, "હે પ્રભુ તમે ગાડી રોકાવો અને મારાં બાળકોની ઇચ્છા પ્રમાણે તેમને માટે મોજડી ખરીદવામાં સહાયરૂપ થાઓ." સમગ્ર યાત્રા દર્મિયાન મારે પોતાને કે અન્ય કુટુંબીજનો માટે ખરીદ કરવાની બીજી કોઈ ઇચ્છા કે જરૂરિયાત નહોતી.

અમારાથી લગભગ ૨૦૦ મીટર દૂર બીજી મોટરમાં પૂજ્ય શ્રી હતા. તેઓએ પ્રાર્થના સાંભળી અને 'ગાઈડ' ને કહી ગાડી રોકાવી. ત્યારબાદ પૂજ્યશ્રીને પૂછતાં તેઓએ બાળકો માટે મોજડી ખરીદવા જવાની સહર્ષ સંમતિ આપી.

'પ્રાર્થના સાધના છે' તેવું પૂજ્યશ્રીનું હસ્તલિખિત પુસ્તક છે. જેમાં તેઓશ્રીએ જણાવ્યું છે કે, પ્રાર્થના કરવાથી ભૌતિક તેમ જ આધ્યાત્મિક લાભો મળે છે. બીજા કોઈ પણ સાધન કરતાં સહેલું અને ઉત્તમ સાધન પ્રાર્થનાને બતાવ્યું છે. તેના સમર્થનમાં મને ઉપરનો પ્રસંગ ખૂબ જ પ્રેરક લાગ્યો છે.

( ૨ ) પ્રભુ પોતાના જ જાણીતા ભક્તો ઉપર કૃપા કરે છે તેટલું જ પૂરતું નથી પરંતુ થોડા જ સમયમાં પરિચયમાં આવનાર અને તેનાં ભક્તિભાવના ગુણોને જોઈને ન્યોછાવર પણ થઈ જાય છે. યાત્રાનો ૧૭ મો દિવસ હતો. ચિત્રકૂટના પવિત્ર તીર્થમાં અમારું બીજા દિવસનું રોકાણ હતું. પૂ. મા સર્વેશ્વરીનો તા. ૧૩-૧૧-૮૦ ના રોજ જન્મદિન તેમ જ લાભપાંચમનો પવિત્ર દિન પણ હતો.



બપોરના ભોજન અને આરામ બાદ અમો હનુમાનધારા-ની પવિત્ર જગ્યા જોવા ગયા. એક બે કિલોમીટર જેટલું નદીમાં હોડીમાં પ્રવાસ કરીને અને ત્યાર બાદ ત્રણ કિ. મી જેટલું ચાલી ૩૬૫ પગ થિયાં ચડી ઊંચી ટેકરી ઉપર હનુમાનજીનું પ્રાચીન મંદિર આવેલું છે ત્યાં ગયા હનુમાનજીની મૂર્તિ-ઉપર કુદરતી રીતે અસ્ખલિત જલધારા પડયા જ કરે છે. તે દૃશ્ય ખૂબ આહ્લાદક લાગ્યું.

પૂ શ્રી હૃદયરોગના હુમલામાંથી એકાદ વર્ષથી સ્વસ્થ અને નીરોગી થયેલા, એટલે અમને સવિશેષ ચિંતા થતી. અમારી સાથે આવેલો નાવિકભાઈ પૂ. શ્રીનો ગતજન્મનો જાણે અનન્ય ભક્ત હોય તેમ તેણે કહ્યું: "પૂ. શ્રીથી પગથિયાં નહિ ચઢાય તો હું ખભે ઊંચકીને ઉપર લઈ જઈશ અને દર્શન કરાવીશ "નાવિક લગભગ ૫-૬ કલાક સાથે રહ્યો હતો. પાછા ફરતાં મંદાકિનીના પવિત્ર જળમાં હોડીનાં ચાર પાંચ ચક્કર ગોળ ગોળ ફેરવ્યાં જાણે જીવન-મરણનાં ચક્ર ઝડપથી ફેરવી પ્રભુ પાસે પહોંચવામાં મદદ ન કરતો હોય. હોડીના ભાડાના ફક્ત ૯ રૂા. જ નક્કી કર્યા હતા. પણ પૂ. શ્રી એ નાવિકનો પ્રેમભાવ, ભક્તિભાવ અને સેવા ભાવના નિહાળી રૂા. ૧૦૦ બક્ષિસરૂપે આપ્યા અને સૂચન કર્યું કે આ રકમનો ઉપયોગ દારૂ પીવામાં કરીશ નહિ. નાવિકે જણાવ્યું, "દારૂ પીતો નથી પણ તમાકુનું વ્યસન છે તેનો આજથી ત્યાગ કરું છું. રૂપિયા ફક્ત દવા પેટે જ વાપરીશ." પ્રભુની કેવી અનન્ય કૃપાવૃષ્ટિ યોગ્ય વ્યક્તિ પર થાય છે તે પ્રત્યક્ષ નિહાળવાનો અલભ્ય આનંદ માણ્યો.

(૩) યાત્રાના ૨૪ મા દિવસે પૂ. શારદામાતાના જન્મ સ્થાન જયરામવાટીનાં દર્શન કરી લગભગ ૨૫૦ કિ.મી. ની મુસાફરી કરી ઓરિસ્સાના બારાકાંમડી નામના સ્થાનમાં રાતના ૭ કલાકે સરકારી અતિથિગૃહમાં ઊતર્યા. થોડીવારમાં પૂ. મા નું ઘડિયાળ ગુમ થયું લાગ્યું. દોઢેક કલાક તેઓએ શોધખોળ કરી, તેમ જ સહવાસીઓને પણ પૂછી જોયું. કપડાં ધોવા વગેરે નિત્યક્રમમાંથી પરવારી મેં પૂ, માને પૂછ્યું, "ઘડિયાળ મળ્યું ?" પૂ. મા એ કહ્યું "હજુ મળ્યું નથી." તેમણે પૂ. શ્રીને કહ્યું, "જગદંબાને પૂછોને કે ઘડિયાળ ક્યાં છે ?" પૂ. શ્રી એ જવાબ આપ્યો, "શી ઉતાવળ છે ?" પૂ. શ્રી એ કહ્યું. "વિનુભાઈ શાન્તિભાઈની મોટરમાંથી જિતુભાઈએ આપેલ ઓશીકાં લઈ આવો; આજે તે વાપરીશું. મહદ્ અંશે પૂ. શ્રી અતિથિગૃહમાં મૂકેલાં ઓશીકાં જ વાપરતા. હું બેટરી લઈ ગયો જેથી મોટરમાં તપાસ થઈ શકે. મોટરનું બારણું ઉઘાડી ઓશીકાં લેવા બેટરીનો પ્રકાશ ફેંક્યો તો પૂ. માનું ઘડિયાળ ઓશીકા પાસે જ હતું. હું તો પુલકિત થઈ ઓશીકા સાથે ઘડિયાળ લઈ ગયો. પૂ. શ્રીની દિવ્ય દૃષ્ટિ અને ઓશીકાં મંગાવવાનો હેતુ ત્યારે જ મને ખરેખર સમજાયો.

શ્રી શાન્તિભાઈ કનેરિયાના શબ્દોમાં કહું તો: "તેને તો ત્રણેય બ્રહ્માંડનો ખ્યાલ છે, ઘડિયાળ ક્યાં હતું તે તો તેઓ જાણતા જ હતા."

પૂ. શ્રીનું જે કોઈ સર્વ સમર્પણ ભાવનાથી અનન્ય ભાવે શરણું લે છે, તેને દુન્યવી, ભૌતિક લાભો ઉપરાંત આધ્યાત્મિક લાભો જરૂરથી મળે છે, જ અને પ્રભુ પ્રાપ્તિના માર્ગે પ્રયાણ કરવામાં સહાયતા સાંપડે છે તેવું મારું નમ્ર મંતવ્ય છે.

સદ્ગુરુના શ્રીચરણોમાં કોટિ પ્રણામ સહ વિરમું છું.

## * શરણાગતિ અને સેવા *

"જ્યારે કર્મ હેતુ વિના કરવામાં આવે છે, ત્યારે તે યોગ કહેવાય છે. સંન્યાસીએ સકામ કર્મ કરવાનું હોતું નથી. એટલે એનાં કર્મ નિષ્કામ કહેવાય છે. તેને માટે ફરજનો સાદ પડે ત્યારે ફરજ ઉપર હાજર થવાનું હોય છે. સંન્યાસી માટે ક્રોધ, ચિંતા ને લોભ ત્યાજ્ય છે."

"પ્રભુના બાળક છો એ રીતે વિનય અને શરણાગતિ ભાવથી અહંકારનો નાશ કરી જગતમાં સહુની સેવા કરો. ઈશ્વરનું કોઈપણ નામે ભજન કરો ગુરુ પણ તમને પસંદ પડે તેવું નામ અને સ્વરૂપ ભજવા કહેશે. પ્રભુના અસંખ્ય નામો છે; તેમાંથી તમને પ્રિય લાગે તે નામ પસંદ કરી જપ કરો. આથી તમને આનંદ ને શાન્તિની પ્રાપ્તિ થશે."

"ગુરુનું કામ ભોમિયાનું છે. એ ભોમિયો એ ઈશ્વર જાતેજ છે. ભોમિયાની માર્ગદર્શિકા ( ગાઈડ ) એ વેદ, પુરાણ વગેરે શાસ્ત્રો છે. એ શાસ્ત્રોનું સત્ય એક જ છે કે "ઈશ્વરનું શરણ લો ને તેનું નામ સ્મરણ કરો." સ્મરણ કરતાં વારંવાર એની અગાધ ને અમાપ શક્તિને યાદ કરતા રહો, એ જરૂરી છે."

શ્રી સત્ય સાઈબાબા

# સંતોનો મહિમા

સંતોનો મહિમા કોણ નથી જાણતું ? સંતોની શક્તિ અનંત છે. સંતો સંસારને માટે આશીર્વાદરૂપ છે. તાપથી તપેલા લોકોને તે શીતળ છાયાનું દાન કરે છે અને આરામ આપે છે. માનવજાતિ પર તેમનો ઉપકાર ઘણો મોટો છે. પરમાત્માને મેળવવાનો માર્ગ તે માણસને બતાવે છે. તેમનો સમાગમ સદાયે સુખમય ને મંગલ હોય છે.

સંતોનો સત્સંગ તો દુર્લભ છે જ. પણ સંતોનું દર્શન પણ ઓછું દુર્લભ નથી.

માનવનું સર્વોત્તમ સદ્ભાગ્ય હોય, અને પરમાત્માની પરમ-કૃપા થાય, તો એવા સંતપુરુષો અચાનક જ મળી જાય છે. સારા સાધકોને તે સહાયતા પણ કરતા હોય છે. એમની એક જ દૃષ્ટિ, એમનો એક જ શબ્દ કે સ્પર્શ માનવનાં મનને પલટાવવા ને ધન્ય કરી દેવા માટે પૂરતો થઈ પડે છે.

–યોગેશ્વર

" જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચા સુખ કે શાંતિનો અનુભવ નથી થતો. "

–શ્રી યોગેશ્વરજી

## કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ

શાંતિભાઇ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૬૯૧૭

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ જગાફેકનાડેલ માં લોખંડબજાર, ભાવનગર